# સમાજ દર્શન

મંગલ ગ્રન્થમાળા

૩૦

વેણીશંકર મુરારજી વાસુ

કમલ પ્રકાશન ટ્રસ્ટ

૧૮૦

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી વિશ્વમંગલ ગ્રન્થમાળાના અન્વયે પ્રગટ થએલાં ૩૨ પુસ્તકોનો સેટ

## આ પુસ્તકો હાલ અપ્રાપ્ય છે.

લેખક : શ્રી વેણીશંકર મુરારજી વાસુ-મુંબઈ

| બત્રીસ પુસ્તકોનો આખો સેટ | | મૂલ્ય |
|---|---|---|
| નંબર | નામ | પ્રત્યેકનું મૂલ્ય |
| ૧. | સંસ્કૃતિનો સર્વનાશ | ૦-૫૦ |
| ૨. | ગોસંવર્ધન | ૦-૫૦ |
| ૩. | પશુવિનાશમાં પ્રજાવિનાશ | ૦-૫૦ |
| ૪. | માંસાહાર : પશ્ચિમી સંસ્કૃતિનો અભિશાપ | ૦-૫૦ |
| ૫. | ભારતના માથે ઘેરાયેલા વાદળો | ૦-૫૦ |
| ૬. | ખાણુ, રહેઠાણુ, વાહનવ્યવહાર અને તેલ | ૦-૫૦ |
| ૭. | મિશ્ર અર્થતંત્રે વેરેલો વિનાશ | ૦-૫૦ |
| ૮. | અવાસ્તવિક અન્નનીતિ | ૦-૫૦ |
| ૯. | દારૂબંધી | ૦-૫૦ |
| ૧૦. | કુટુંબ નિયોજન : વિસ્ફોટક બોમ્બશેલ ! | ૦-૫૦ |
| ૧૧. | યંત્ર-આધારિત શોષક અર્થવ્યવસ્થા | ૦-૫૦ |
| ૧૨. | ભારતની સંરક્ષણ છત્રી : યંત્રો કે પશુઓ ! | ૦-૫૦ |
| ૧૩. | અંગ્રેજોએ પ્રચારેલો ભારતનો જુઠો ઇતિહાસ | ૦-૫૦ |
| ૧૪. | દૂધ | ૦-૫૦ |
| ૧૫. | હરિજન | ૦-૫૦ |
| ૧૬. | ભારતમાં માંસાહાર-પ્રચારની ભેદી ચાલ | ૦-૫૦ |
| ૧૭. | માતા અન્નશુદ્ધ; તો બાળક સત્ત્વશુદ્ધ | ૧-૦૦ |
| ૧૮. | શબ્દછળથી સંસ્કૃતિનાશ | ૧-૦૦ |
| ૧૯. | ફર્ટિલાઈઝર : મોતનો વરસાદ | ૧-૦૦ |
| ૨૦. | કેળવણી | ૧-૦૦ |
| ૨૧. | અનાર્થિક ઉદ્યોગ | ૧-૦૦ |
| ૨૨. | નવીપેઢીનું ભારત વિષે અજ્ઞાન | ૧-૦૦ |
| ૨૩. | બચતનાં મૂળભૂત સાધનો | ૧-૦૦ |
| ૨૪. | ધર્મ વિરુદ્ધ પશુ | ૧-૦૦ |

[ અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર ]

વિશ્વમંગલ ગ્રંથમાળા–પુસ્તક : ૩૦

# સમાજ દર્શન

વેણીશંકર મુરારજી વાસુ

૧૭૦

મૂલ્ય : રૂ. ૩-૦૦

# કમલ પ્રકાશન ટ્રસ્ટનું નિવેદન

ભારતીય પ્રાચીન પરંપરાઓને પુનર્જીવિત કરતી શ્રી વેણીશંકર મુરારજી વાસુની ચિંતનધારાને અમે પ્રકાશિત કરી રહ્યા છીએ. લેખકશ્રીએ આર્યાવર્તની મોક્ષલક્ષી સંસ્કૃતિના એક અંગ — અર્થવ્યવસ્થાને પ્રધાનપણે આત્મસાત્ કર્યું છે. આ વિષયમાં તેમણે આશ્ચર્યજનક ખેડાણ કર્યું છે એમ તેમના વિચારો ઉપરથી સહજ રીતે કહી શકાય તેમ છે. ભારતની અર્થવ્યવસ્થામાં ગાયપ્રધાન તમામ પશુની અહિંસા પ્રધાનપણે ભાગ ભજવે છે એમ લેખક મક્કમપણે માને છે.

જો વિશિષ્ટ કોટિનો પ્રતિભાવ આ પુસ્તિકા દ્વારા પ્રજામાં પ્રગટ થાય તો લેખકના વિચારોને વ્યવસ્થિત આકાર આપીને પ્રગટ કરતા રહેવાની અમારી ભાવના છે. વધુ પ્રમાણમાં પ્રચાર થાય તે હેતુથી જ ખોટ ખાઈને પણ આ ટ્રસ્ટ આ પુસ્તિકાનું પ્રકાશન કરે છે. પોતાના વિચારોનું પ્રકાશન કરવા દેવા બદલ શ્રી વાસુનો અમે અંતઃકરણથી આભાર વ્યક્ત કરીએ છીએ.

લિ. ટ્રસ્ટીમંડળ, **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

---

**વાચકોને નમ્ર સૂચન,**

આ પુસ્તિકાઓમાં રજૂ થયેલા લેખકશ્રીના વિચારો અંગેનો પત્રવ્યવહાર લેખકશ્રી સાથે જ કરવો. સઘળા વિચારોની જવાબદારી તેમની છે.

સરનામું: **શ્રી વેણીશંકર મુરારજી વાસુ,** બજાજ વાડી, સ્ટેશન રોડ,
સાન્તાક્રૂઝ, (વેસ્ટ), **મુંબઈ–૫૪**

---

**પ્રકાશક:** કમલ પ્રકાશન ટ્રસ્ટ, જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ
ફોન: ૩૮૫૭૨૩, ૩૮૦૧૪૩

**પ્રથમ સંસ્કરણ:** નકલ ૧૦૦૦, તા. ૨૭–૧૦–'૮૨ દશેરા
**દ્વિતીય સંસ્કરણ:** નકલ ૩૦૦૦, તા. ૧૫–૮–'૮૬

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**મુદ્રક:** ભીખાભાઈ એસ. પટેલ, મધુરમ્ ટાઈપ-સેટિંગ વર્ક્સ,
૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૪

# પ્રાગ્વચન

આર્યાવર્તની વૈદિક સંસ્કૃતિ ભૂતમાત્રની દયામાં માને છે ખરી; પરંતુ તેનો વિશેષ ઝોક માનવ-દયા છે એમ કહી શકાય. તેમાંય આર્યાવર્તના માનવોના જીવનના યોગક્ષેમ માટે તેણે ઘણું ઘણું વિચાર્યું છે. એવા એ યોગક્ષેમ માટે વનસ્પત્યાદિ જીવોની દયાને તેણે ગૌણ ગણી છે.

આ પુસ્તિકાના લેખક શ્રી વેણીશંકર મુરારજી વાસુ ભારતની વર્તમાનકાલીન પરિસ્થિતિથી અતિ ચિંતિત છે. ભેદી રીતે ભારતીય પ્રજાના કરાતા નાશની કારવાઈ તરફ તેમની સંજયદૃષ્ટિ પહોંચી ગઈ છે. તેઓ માત્ર રોગ જાહેર નથી કરતા કિન્તુ તેના સચોટ ઇલાજો પણ બતાડે છે. એમના પ્રત્યેક લેખમાં આ પદાર્થ ઠાંસીને ભરેલો છે.

બધું ખતમ થઈ જાય ત્યારેય જો વિચારો જીવતા હશે તો રાખમાંથી પુનઃ સર્જન થઈ શકશે, એ ઉદ્દેશથી જ એમના વિચારોને જીવંત રાખવા માટે કમલ પ્રકાશન ટ્રસ્ટે પ્રયત્ન કર્યો છે.

ક્યારેક એવો વિચાર આવે છે કે ભંગાર થઈ ચૂકેલી સંસ્કૃતિ અને દૂર ફેંકાઈ ગયેલી ભારતીય પ્રજાની જીવાદોરીની વ્યવસ્થાઓને હવે શી રીતે પુનઃસ્થાપિત કરી શકાશે ?

ઘડિયાળના કાંટા હવે પાછા ફરશે ?

વળી માનવીય બળથી તો આ સિદ્ધિ પામવાનું કામ ખૂબ જ મુશ્કેલ પણ છે. સાથોસાથ ભૂતમાત્રની દયાનો પ્રશ્ન પણ વિચારણીય છે.

આ વખતે ઉપાય તરીકે ધર્મ-તત્ત્વનું આરાધન યાદ આવે છે. શુદ્ધ ધર્મની ઉપાસનાથી તે તે ઉપાસકોમાં એવું વિપુલ પુણ્ય જમા થાય છે, જેના પ્રભાવથી કુદરતના નિયમો અને જોષીઓનાં ગણિતો પણ ઊંધાં વળી જતાં હોય છે.

જો સહુ ધર્મોપાસનાના માર્ગે વળીને સૂક્ષ્મનું પ્રચંડ બળ પેદા કરવા લાગે તો ભારતીય વ્યવસ્થાઓ, મર્યાદાઓ અને પ્રજાની જીવાદોરીઓને સહજ રીતે જીવંત બની જતાં ઝાઝી વાર ન લાગે. ક્યાં માનવીય પુરુષાર્થનાં અતિ સ્થૂળ અને ખૂબ વામણાં પરિબળો, અને ક્યાં ધર્મોપાસનાનાં અત્યંત સૂક્ષ્મ અને ભારે તીખાં તેજીલાં આધ્યાત્મિક બળો!

હા!....ઉપાસનાની સફળતાના પાયામાં ત્રણ વસ્તુઓ છે.

૧. અકામ અને અનન્યભાવે પરમાત્મ-ભક્તિ.
૨. જીવમાત્ર પ્રત્યે દયાભાવ.
૩. પાપભીતિમાંથી પેદા થતી આત્મશુદ્ધિ.

આ વિચાર છે; જૈન-સંસ્કૃતિનો.

અંતરીક્ષજી તીર્થ [મહારાષ્ટ્ર]
વિ. સં. ૨૦૩૮, મૌન એકાદશી
તા. ૭-૧૨-૮૧

ગુરુપાદપદ્મરેણુ
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**
ગણિવર

[૧]

આજથી ૬૦ વરસ પહેલાંની એટલે કે ઈ. સ. ૧૯૧૫-૧૬ આસપાસની આ વાત છે. અમે હાઈસ્કૂલમાં ભણવા જઈએ કે મંદિરે પૂજા કરવા જઈએ, વચ્ચે ઇસ્માઈલ મતવાનું ઘર આવે. નાનું એવું મકાન, આંગણામાં ૪૦-૫૦ જેટલી ગાયો ઊભી હોય. એક ખાટલા ઉપર ઇસ્માઈલ મતવો ખંભે રૂંઝણું નાખીને બેઠો હોય. (રૂંઝણું એટલે દોહતી વખતે ગાયના પાછલા બે પગ અને પૂંછડું તથા ભેંસના આગલા બે પગ બાંધવાનું દોરડું.)

એક ખાટલા ઉપર દૂધ દોહવા માટેની પિત્તળની ચકચકિત તામડીઓ માંજી સાફ કરીને તડકામાં સૂકવવા મૂકી હોય. દૂધ દોહવા બેસે ત્યારે તામડી ભીની હવા-વાળી પણ ન રહે એની ખાતરી કરી લે. કદાચ પાણીનું એકાદ ટીપું પણ બાજુમાં રહી ન જાય માટે તડકામાં સુકાયેલી તામડીમાં પણ કપડાનો કટકો ફેરવી લે.

એનો મોટો દીકરો હવે ગાયો ચરાવવા અને દોહવા જેવડો મોટો થયો હતો. એક વખત અમે ત્યાંથી પસાર થતા હતા. ત્યારે તે ગાય દોહવા બેઠો. પણ તેણે તામડીમાં કપડું ફેરવ્યું નહિ. ઇસ્માઈલે તરત તેને ઠપકાર્યો. ‘દીકરા, તામડીમાં ભેજ પણ ન રહે માટે તેમાં કપડું ફેરવી લેવાનું ભૂલવું જ નહિ. આપણે ઉચ્ચ વર્ણના હિંદુઓને દૂધ આપીએ છીએ. તેમને આપણા પાણીનો છાંટોય ન ખપે. એમનો ધરમ અભડાવવાનું આપણને પાપ લાગે, જો તામડીમાં જરા પણ ભેજ રહી ગયો હોત તો.’

તેના દીકરા વલીએ તરત કપડું લઈ તામડી અંદરથી અને બહારથી લૂછી નાખી. અને પછી ગાય દોહવા લાગ્યો.

મતવા એ મુસલમાન કોમની એક જાત છે. આપણો અમુક ભણેલો વર્ગ એમ માને છે કે જ્ઞાતિપ્રથાથી જ ભારતનું પતન થયું છે. એટલે જ્ઞાતિપ્રથાની ટીકા કરવામાં ગૌરવ માને છે. પણ જ્ઞાતિપ્રથા દરેક ધર્મ અને સમાજમાં હોય છે. મુસ્લિમોમાં પણ ઘણી જ્ઞાતિઓ છે. મતવા જ્ઞાતિનો વંશપરંપરાનો ધંધો ગાયો પાળવાનો. તેમની એક ખાસિયત કે મતવો ગાયો જ પાળે અને મતવાની પ્રામાણિકતા એવી કે તે કદી દૂધમાં પાણીનું ટીપુંય ન નાખે.

શ્રી વલ્લભી સંપ્રદાયની હવેલીઓમાં દૂધનો પુષ્કળ ઉપયોગ હોય એટલે હવેલીની પોતાની માલિકીની ગાયો હોય છતાં કોઈ પ્રસંગે દૂધની ખેંચ પડે તો તેઓ મતવા પાસેથી જ દૂધ ખરીદે. મતવા કોમ માટે હિંદુઓને પૂરો વિશ્વાસ. આજે તો સરકારની પશુવિરોધી નીતિએ મતવા કોમની આ પ્રખ્યાત માલધારી સંસ્થાને ભાંગી નાખી છે. અને મુસ્લિમોએ ગોવધબંધીની માગણીનો વિરોધ કરીને પોતાની જ કોમને હિંદુઓ કરતાં પણ વધારે નુકસાન પહોંચાડ્યું છે.

મુસ્લિમોએ વગર સમજ્યે હિત ધરાવતી વ્યક્તિઓના હાથમાં હથિયાર બનીને ગોવધબંધીની માગણીનો વિરોધ ચાલુ રાખીને જેમની સાથે તેઓ હજાર વરસથી રહે છે તેમનો સદ્ભાવ ગુમાવ્યો છે. પોતાની કોમને મળી શકે એવું સહુથી સસ્તું અને શ્રેષ્ઠ પોષણ (દૂધ) ગુમાવીને

અપોષણનાં દરદોના શિકાર બન્યા છે, મોંઘવારીનો શિકાર બન્યા છે. અને પોતાની અનેક જ્ઞાતિઓ જેઓ ગાય અને ગોવંશ દ્વારા જ આજીવિકા મેળવતી તેમને બેકાર બનાવીને કોમમાં ગરીબીનો વધારો કર્યો છે.

તેમણે એટલો પણ વિચાર નથી કર્યો કે આઠ કરોડ મુસ્લિમોમાં કેટલા મુસ્લિમો ગોમાંસ ખાઈ શકે છે! અરે પાકિસ્તાનમાં કેટલા જણ ખાતા હશે? પણ દૂધ તો થોડું-ઘણું લાખો પી શકતા હશે અને ગોવધબંધીની માગણીને ટેકો આપી સંપૂર્ણ ગોવધબંધી કરાવે તો તમામ મુસલમાનોને સસ્તું સારું દૂધ મળી શકે અને કરોડો મુસ્લિમોને ગાય અને ગોવંશ દ્વારા રોજી પણ મળે, અને કોમમાં સમૃદ્ધિ તેમ જ રોજગારીનો ખૂબ વધારો થાય.

ઉપર લખેલ સમયની આસપાસનો એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે. અમારી બે વરસની વાછડી માંદી પડી. ગામના વેટરનરી સર્જને ઘણી દવા આપી પણ વાછડી તો વધુ ને વધુ રિબાવા લાગી. આખરે અમારા ગોવાળે સલાહ આપી કે વાછડી બચાવવી હોય તો આ વિલાયતી દવાઓ છોડો અને મામદ મતવાને બોલાવી લાવો, તો ઝપાટામાં વાછડી સારી થઈ જશે.

મામદ મતવાના ઘરનું ઠેકાણું પૂછી હું તરત ઊપડયો તેને તેડવા. મામદ મતવો અમારા ગામનો બહુ મોટો માલધારી. તેને ઘેરે પહોંચ્યો તો જોયું કે બહારના વાડામાં આશરે પાંચસો જેટલી ગાયો ઊભી છે. આ બધી તેની માલિકીની હતી. મેં વાડામાં જઈ ઘરનું બારણું ખખડાવ્યું

૨

તો દરવાજો ખૂલી ગયો. અંદર જોયું તો ૯૫ વરસનો ખખડધજ મામદ જમવાની તૈયારી કરે છે. રોટલો ખાઈને પોતાની ૫૦૦ ગાયો લઈને સીમમાં ચારવા જવું છે.

રોટલાનો કકડો ભાંગીને મોંમાં મૂકવા જાય ત્યાં તો મેં બારણું ખોલી નાખ્યું. એટલે મારી સામે જોઈ કહે, ‘આવો ભા, કેમ આવવું પડ્યું ?’ મેં વાછડીની હકીકત કહી કે તરત તે અલ્લાહ અલ્લાહ કરતો રોટલાને સલામ કરી, ફરીથી થાળીમાં મૂકીને ઊભો થઈ ગયો. પાસે જ રોટલા સાથે ખાવા દૂધની તાંસળી હતી તેની ઉપર થાળી ઢાંકી દીધી.

મેં કહ્યું, ‘મામદ બાપુ, રોટલો ખાઈ લો. હું અહીં બેઠો છું.’ મામદે ના પાડી, માથે પાઘડી મૂકી. મેં ફરીથી કહ્યું કે ‘બાપુ, આ દૂધ તો પી લો. એવી શી ઉતાવળ છે ?’ મને વચ્ચે જ અટકાવી કહે, ‘બેટા, એ ન બને. મૂગું પ્રાણી રિબાતું હોય ત્યારે મારે ગળે દૂધનું ટીપુંય ન ઊતરે. મોડું કરું તો મારો અલ્લાહ નારાજ થાય. ચાલો, જલદી વાડે પહોંચીએ.’

હાથમાં લાકડી લઈને યુવાનને પણ શરમાવે એવી ઝડપથી મામદ બાપુ મારી સાથે આવ્યા. વાછડીને ઝીણવટથી તપાસી અને કહે કે ‘ઊથમું જીરું છાસમાં વાટીને એ છાસની ત્રણ નળી દિવસમાં ત્રણ વખત પિવડાવો. હમણાં એને ખાવાનું નહિ આપતા. વખતોવખત છાસ પિવડાવ્યા કરજો. ત્રણ દિવસમાં લોહી-ઝાડા બંધ થઈ જશે. ચોથે દિવસે પાંચેક તોલા દિવેલ પિવડાવજો.

‘પછી કડખનાં પાંદડાં ઝીણી કડબ થૂલું એમ નરમ

ખોરાક અઠવાડિયા સુધી આપજો. ત્રણ દિવસમાં ઝાડા બંધ ન થાય તો મને તેડવા આવજો.' એટલું કહીને એ તો લાકડી ઉપાડીને પાછા જવા ફર્યા, એટલે મેં કહ્યું, 'મામદ બાપુ, પૈસા તો લેતા જાઓ!'

'શેના પૈસા?' તેણે મારી સામે જોઈને પૂછ્યું. 'મૂગું પ્રાણી રિબાતું હોય એની સેવા કરવાનો તો આપણો ધરમ છે. બેટા! એના પૈસા લેવાના ન હોય. લઈએ તો ખુદા નારાજ થાય. ચાલો. જલદી ઘેરે પહોંચું. મારી ગાયો હવે ચરવા જવા ઉતાવળી થતી હશે અને ભાંભરતી હશે.' અને ઝડપથી ડગલાં ભરતા એ ઘર તરફ ચાલવા લાગ્યા.

આજે આ પ્રસંગો યાદ આવે છે ત્યારે થાય છે કે ક્યાં તે વખતના ઉચ્ચ ભાવનાશાળી મુસ્લિમો અને ક્યાં આજના ઉચ્ચ વર્ણના કહેવાતા નબીરાઓ? જેઓ ખાદ્ય પદાર્થોમાં દૂધ હોય કે ઘી, લોટ હોય કે પાંઉ-બિસ્કિટ, દરેકમાં જ્યાં જ્યાં બની શકે ત્યાં ઈંડાં, કતલ કરવામાં આવેલાં પશુઓની ચરબી અને સૂકવીને કેમિકલ પ્રોસેસથી ગંધ ઉડાવી દીધેલી માછલીનો લોટ પણ મિશ્ર કરતાં અચકાતા નથી.

ખાદ્ય પદાર્થોમાં પશુઓનાં માંસ-ચરબી ભેળવવાની શોધો કરનારા, સરકાર પાસે એ યોજનાઓ મૂકનારા અને ભેળસેળનાં કેન્દ્રો ચલાવનારા મોટા ભાગે ઉચ્ચ વર્ણના હિંદુ નબીરાઓ છે. અને એ તમામ આજની કૉલેજોની અને કૉલેજોમાં અપાતા શિક્ષણની દેન છે.

એ કમનસીબ છે આ દેશનું કે તેની પાસે હવે

મામદ બાપુ નથી, જે પશુઓનું દુઃખ સાંભળી થાળી ઉપરથી ઊઠી જાય, પણ મણિલાલો છે, જે ગોવધબંધીની માગણીનો વિરોધ કરે છે અને ગોહત્યાને સફળ બનાવવા જુદા જુદા પેંતરા રચી શકે છે.

આપણી પાસે હવે ઇસ્માઈલિ મતવા નથી જે પરધર્મીઓની ધર્મની લાગણીને માન આપી એ સંસ્કાર પોતાના પુત્રોમાં ઉતારે. તેને બદલે આપણી પાસે છે જૈનો અને વૈષ્ણવો, જેઓ પવિત્ર યાત્રાધામોમાં બેસીને પ્રજાને દગા-ફટકાથી માંસ, મચ્છી, ઈંડાં ખાતી કરવાની યોજના ઘડતા હોય, તેનો અમલ કરતા હોય અને તે માટે ગૌરવ પણ અનુભવતા હોય.

આપણી કૉલેજો ૩૨ વરસમાં એક શ્રદ્ધાનંદ, એક કૃપલાણી કે એક ટંડનબાબુ તો શું પણ એક ઇસ્માઈલિ કે એક મામદ મતવો પણ ન આપી શકી હોય તો ૩૨ વરસમાં કૉલેજો પાછળ અબજો રૂપિયા વેડફી નાખનારાઓએ આ પ્રજાને છેતરપિંડી, દંભ અને ભ્રષ્ટાચાર આચરનારાં ટોળાંઓને હવાલે કરી દીધી છે, એમ નથી લાગતું?

સમાજદર્શન

[૨]

મધ્યમ વર્ગનું એ કુટુંબ પોતાના ઘરમાં ટોળે વળીને બેઠું છે. કુટુંબનો વડો ચિંતાતુર છે. પોતે નોકરી કરે છે; ચાર બાળકો સ્કૂલ અને કૉલેજમાં ભણે છે. નિશાળ તરફથી આવતા મહિનાથી ફીમાં બે રૂપિયા વધારો કરવાની

જાહેરાત થઈ છે. તો બીજી બાજુ રેલવે-ભાડામાં વધારો કર્યો છે. આવતા મહિનાથી આશરે આઠ-દશ રૂપિયાના વધારાના ખરચને કેમ પહોંચી વળવું તેની ચિંતા આ કુટુંબને ઘેરી વળી છે. પોતાના ટૂંકા પગારમાંથી દર મહિને માંડ પૂરું કરતા આ વડીલને મહિને વધારાના આઠ-દશ રૂપિયા ક્યાંથી ફાજલ પાડવા તેનો રસ્તો સૂઝતો નથી.

તેની પત્ની રસ્તો કાઢે છે કે હું અઠવાડિયાના બેથી ત્રણ એકાસણાં (એક જ વખત જમવું) કરું તો તે બચતથી આ ખરચને પહોંચી વળાશે. તેના પતિને આ દરખાસ્ત મંજૂર નથી.

પતિ વળતી દરખાસ્ત મૂકે છે કે નોકરને રજા આપવી અને તમામ કપડાં એ પોતે ધોઈ નાખશે પણ એ દરખાસ્ત વહેવારુ ન બની. કારણ કે નળમાં પાણી રાતે બે વાગ્યે આવતું એટલે ઉજાગરો કરી કપડાં ધોવાનું બને નહિ.

પત્નીએ વળતી બીજી દરખાસ્ત મૂકી કે છોકરાંઓ સિનેમા જોવા જાય છે તે બંધ કરવું. તો દીકરાઓએ વાંધો લીધો કે સિનેમા ન જોઈએ તો પછી જિંદગીમાં રસ શું રહે? સિનેમા જોયા વિના તો ચાલે જ નહિ. ખૂબ વિચારણાને અંતે એમ નક્કી થયું કે કુટુંબના સભ્યો રોજ બે વખત ચા પીતાં તે હવેથી એક જ વખત પીવી અને છતાં જો ખરચને ન પહોંચી વળાય તો તેટલા પૂરતું શાકભાજી વિના ચલાવી લેવું.

*

બીજું એક ગરીબ કુટુંબ છે, પતિ-પત્ની અને બે બાળકો. બાળકો નિશાળમાં ભણે છે. નાના પગારમાં માંડ પૂરું થાય છે. અચાનક આ અને આવાં લાખો કુટુંબો પર વજ્રાઘાત થયો. આયાત કરેલા રૅશનના ઘઉંના ભાવ સરકારે વધારી મૂકચા. ભાવ વધારવા માટે હજાર બહાનાં મળી શકે છે. ભાવ ઘટાડવાનાં પગલાં લેવાનું શોધનારો નાણાપ્રધાન કોઈ હજી આપણને મળ્યો નથી.

રૅશનના આ ભાવવધારાએ આ અને આવાં લાખો કુટુંબોને ઘેરી ચિંતામાં મૂકી દીધાં. ખૂબ ચર્ચાવિચારણા પછી આ પતિ-પત્નીએ નક્કી કર્યું કે વધારાના ખરચને પહોંચી વળવા આપણે રૅશનનું પણ રૅશનિંગ કરવું અને બન્ને જણાંએ રોજ માત્ર બબ્બે રોટલી જ ખાવી.

માનવી દુ:ખથી ટેવાઈ જાય છે. ભૂખથી અને રોગથી પણ ટેવાઈ જાય છે. ગરીબીથી પણ ટેવાઈ જાય છે. તે નિયમ પ્રમાણે આ કુટુંબ પણ ભોજનના રૅશનથી ટેવાઈ ગયું છે. હવે તેનો પગાર વધ્યો છે. એક દીકરો પણ કમાવા લાગ્યો છે. પણ પેલું ભોજનનું રૅશન હજી ઉઠાવી લેવાયું નથી. પતિપત્ની બન્ને હવે માત્ર બે રોટલી ખાવાથી ટેવાઈ ગયાં છે.

સરકારે રૅશન ઉઠાવી લીધું પણ આવાં કેટલાં કુટુંબોમાં દર મહિને વધતી મોંઘવારીને કારણે મરજિયાત રૅશન સ્વીકારવાનું ફરજિયાત બનતું હશે તેનો કોઈ અર્થશાસ્ત્રી, કોઈ રાજદ્વારી નેતા કે કોઈ નાણાપ્રધાન વિચાર કરશે ખરા?

## સમાજદર્શન

## [૩]

હસનઅલી શેઠ પોતાની દુકાને બેઠા છે. સમસ્ત રાષ્ટ્ર અને મુંબઈ શહેર પણ કોમી હુલ્લડોથી લોહીથી તરબોળ બનેલ છે. રોજ હજારો ઘાયલ થાય છે, સેંકડો મરાય છે. માનવી માનવતા ખોઈ બેઠો છે. એની દાનવલીલા સ્ત્રી, બાળક, વૃદ્ધ કે બીમાર કોઈની છાતી-માં છૂરી હુલાવવામાં આનંદ માને છે.

હસનઅલી શેઠની આબરૂ બહુ મોટી છે. વેપારની કુનેહ પણ સારી, પણ હુલ્લડોએ એનો વેપાર રૂંધી નાખ્યો છે. દુકાન દર મહિને વધુ ને વધુ ખોટ કરે છે. તેમણે નક્કી કર્યું કે હાલ તરત દુકાન બંધ કરી વેપાર સમેટી લેવો.

તેમણે મહેતાજીને બૂમ મારી. 'જયન્તીલાલ, જરા આમ આવો.' જયન્તીલાલ શેઠ પાસે આવ્યા, એટલે કહ્યું, 'જુઓ જયન્તીલાલ, હાલ મારે વેપાર બંધ કરવો છે, માટે તમે બીજી નોકરી શોધો, પણ ઉતાવળ કરીને ગમે ત્યાં નહિ બેસી જતા. તમને સારી નોકરી મળે ત્યાં સુધી તમારી નોકરી ચાલુ રાખીશ. સારું ઠેકાણું મળે એટલે મને કહેજો.'

પંદરેક દિવસ પછી જયન્તીલાલે કહ્યું કે, 'શેઠ, મને અમુક દુકાને નોકરી મળે છે. પગાર પણ ત્યાં ૨૫ રૂપિયા વધારે આપે છે.'

હસનઅલી શેઠ કહે, 'સારું સારું. એ માણસો સારા છે. હું પણ તેમને તમારા માટે ભલામણ કરીશ. પણ

જયન્તીલાલ, અહીં તમારો હિસાબ શું છે?' જયન્તીભાઈ જરા ઢીલા થઈને કહે, 'શેઠ, આશરે ૩૫૦ રૂપિયા મેં ઉપાડચા છે, પણ ત્યાં ૨૫ રૂપિયા વધારે પગાર મળશે તે હું દર મહિને તમારે ત્યાં ભરતો રહીશ.'

શેઠ કહે, 'મેં રૂપિયા ક્યાં માગ્યા છે? મેં તો માત્ર હિસાબ પૂછ્યો છે. ઠીક, ચોપડો લાવો, જોવા દો.' મહેતાજીએ ચોપડો આપ્યો. શેઠે ખાતું જોયું. ૩૫૦ રૂપિયા મહેતાજી પાસેથી લેણા નીકળતા હતા. તે પોતાને હાથે જમા કરી હિસાબ સરભર કરી નાખ્યો.

મહેતાજી તો આભા બનીને જોઈ જ રહ્યા. ત્યાં તો શેઠે બીજો સવાલ પૂછ્યો. 'મહેતાજી, ગામમાં તમારી શી લેતીદેતી?' મહેતાજી કહે 'શેઠ, એ તો હું ગામમાં સમજી લઈશ. આશરે ૧૨૦૦ રૂપિયાનું દેવું છે. પણ વેપારીઓ સારા માણસ છે. તકાદો કરતા નથી. હું થોડા થોડા આપ્યા કરું છું.'

શેઠે રૂ. ૧૫૦૦ની નોટો મહેતાજીના હાથમાં મૂકી અને કહ્યું, 'જાઓ હમણાં જ તમામ દેવું પતાવી પહોંચ લઈ આવો અને ઘટે તો બીજા લઈ જજો. વધે તો પાછા આપવાની જરૂર નથી, તમારી પાસે રહેવા દેજો.'

મહેતાજી કાંઈ બોલવા જતા હતા ત્યાં શેઠ બોલ્યા, 'જયન્તીલાલ! તમે આટલાં વરસથી મારી નોકરી કરો છો અને ગામમાં તમારા ઉપર દેવું હોય એ મારા માટે શરમ જેવું કહેવાય, માટે કાંઈ બોલશો નહિ. કાલથી નવી નોકરી ઉપર ચડી જાઓ. પણ દર મહિને

જેમ તમારાં બાળકોની ફી અને ચોપડીના પૈસા લઈ જાઓ છો તેમ લઈ જવાનું ચાલુ રાખજો.'

અને હવે જુઓ તેનો વિરોધાભાસ ! !

પોપટલાલ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યારે તેની પાસે ફક્ત શૅરોમાં જ એટલી મૂડી હતી કે વરસે એક લાખ રૂપિયા વ્યાજના આવતા. પાંચ શહેરોમાં મોટા આલીશાન બંગલા હતા. ઉપરાંત રોકડ, જર-ઝવેરાત તો જુદાં. પોતે વિશાળ કંપાઉન્ડમાં આલીશાન બંગલામાં રહેતા.

સાહેબ એક દિવસ જરા માંદા પડ્યા. ડૉક્ટર તેમની નાતનો જ હતો. તે તબિયત જોવા આવ્યો. સાહેબ જરા મૂડમાં હતા એટલે ડૉક્ટરે કહ્યું, 'સાહેબ, એક વિનંતી કરવી છે.'

સાહેબ હસીને બોલ્યા, 'બોલો, શું છે?'

ડૉક્ટર બોલ્યા, 'પેલા ત્રિકમજીને તમે ઓળખો છો. સવજી ગોરનો છોકરો, આપણી નાતનો જ છે અને લોખંડ બજારમાં નોકરી કરે છે.'

સાહેબે કહ્યું, 'હા ઓળખું છું. તેનું શું છે?'

ડૉક્ટર કહે, 'સાહેબ, એને પરણ્યે બે વરસ થયાં, પણ રહેવા ઓરડી નથી. પગાર સારો છે પણ પાઘડીના પૈસા ક્યાંથી કાઢે? બે વરસ પરણ્યે થયાં, છતાં ઘરસંસાર મંડાયો નથી. કન્યા બિચારી પિયરમાં રહે છે અને પોતે કોઈ મિત્રની સાથે. તેને તમારા આ વિશાળ કમ્પાઉન્ડમાં

એકાદી ઓરડી બાંધી આપો તો તેનું ઘર મંડાય, અને તમને તેમના આશીર્વાદ મળશે.'

સાહેબ બોલ્યા, 'આવી મોંઘારતમાં ઓરડી કેમ બંધાય? પણ એક પતરાની ખોલી છે તે વીસ રૂપિયા ભાડું આપે તો આપું. નાતીલાનો દીકરો છે તો પાઘડી નહિ લઉં, બસ!'

ડૉક્ટરે પેલાં દંપતીને આ ખોલીમાં વસવા મોકલી આપ્યાં. સાહેબ પોતાનું પરચૂરણ કામ પણ આ ત્રિકમજી-ભાઈ પાસેથી કરાવતા. હિસાબ-કિતાબ પણ લખાવતા.

ચોમાસું આવ્યું. ભારે વરસાદ પડયો. પતરાની ખોલીનું ભોંયતળિયું કમ્પાઉન્ડની જમીન બરોબર હતું એટલે દરવાજામાંથી પાણી ખોલીમાં ધસી આવ્યું. તો ભોંયતળિયાના કાચા ધાબાની તિરાડોમાંથી પણ પાણી ભરાવા લાગ્યું. ત્રિકમજીનો બધો સામાન ભીંજાઈ ગયો. ઘરમાં બેસાય તેવું રહ્યું નહિ. સાહેબની ગૅલરીમાં કપડાની પેટી અને પથારી મૂકી બેસવા દેવાની ત્રિકમ-જીએ રજા માગી. સાહેબે રજા ન આપી. પાડોશના બંગલાવાળાઓને ખબર પડતાં તેમણે આશ્રય આપ્યો. આથી સાહેબને પોતાનું અપમાન થતું લાગ્યું.

ત્રિકમજીએ વિનંતી કરી કે 'મને ખોલીના દરવાજા આડે જરા ઊંચું પગથિયું કરાવી આપો અને ખોલીમાં લાદી બેસાડી આપો,' તો કહે, 'ભાડું મહિનાના ૬૦ રૂપિયા કરી આપો, અને બિલ નહિ આપું, તો કરાવી આપું.' ત્રિકમજી નિરાશ થયો. પણ તેનો એક સહાધ્યાયી મ્યુનિ-

સિપાલિટીમાં નોકરી કરતો હતો. તેણે મ્યુનિસિપાલિટીની પરવાનગી મેળવી આપી. અને ત્રિકમજીએ પોતાના ખરચે લાદીઓ બેસાડી ભોંયતળિયું ઊંચું કરાવી લીધું.

હવે સાહેબે રૂ. ૬૦ ભાડાની ઉઘરાણી કરી. તે ન આપ્યું. એટલે ખાલી કરાવવા દાવો માંડયો. પણ કેસ હારી ગયા. હવે તે ત્રિકમજી ઉપર આવો ઉપકાર કરવા બદલ પસ્તાવો કરે છે. હવે પોતે રિટાયર થઈ ગયા છે, એટલે જૂની વાતો કરવામાં વાંધો નથી.

જ્યારે પણ મિત્રો ભેગા મળે છે ત્યારે પોતે કેવા કેવા ઉપકાર વેપારીઓ અને ઉદ્યોગપતિઓ ઉપર કર્યા અને તે બધા કેવા ખાનદાન હતા, કેવો પોતે કરેલા ઉપકારનો બદલો વાળી આપતા તે વાતો વાગોળે છે. અને ત્રિકમજીની વાતો કરીને કહે છે, જુઓ તો ખરા, સમાજ કેવી અધોગતિએ જઈ રહ્યો છે!

મુસલમાન હસનઅલી અને હિંદુ પોપટલાલ વચ્ચે કેવો વિરોધાભાસ છે!

### સમાજદર્શન
### [૪]

ગામડાગામનો શિક્ષક–પત્ની અને બે બાળકો. મોટો ભાઈ અને ભાભી, નાનાં ત્રણ બાળકો મૂકી અવસાન પામ્યાં છે. આમ પાંચ બાળકો, પત્ની અને પોતે, સાત જણાંનું પોતાના ટૂંકા પગારમાં પૂરું કરવાનું છે.

પંચવર્ષીય યોજનાઓ વિસ્તૃત બનતી જાય છે તેમ તેમ મોંઘવારી વધતી જાય છે. યાંત્રિક ઉદ્યોગોનું સ્ટીમરોલર

ગામડાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો ઉપર ફરી વળ્યું છે. એટલે પૂરક આવકનું કોઈ સાધન ગામડામાં રહ્યું નથી. શહેરમાં તો શિક્ષકો સવારથી રાત સુધી ટ્યૂશનો કરીને ખરચને પહોંચી વળવા મથતા હોય પણ ગામડામાં ટ્યૂશન પણ ક્યાંથી મળે?

શહેરમાં તો રેશનની દુકાનો હોય અને માલ પણ હોય, માલ ન હોય તો લોકો તોફાને ચડી જવાનો ભય ખરો. કારણ કે ત્યાં લોકો મોટા સમૂહમાં હોય છે.

ગામડામાં દુકાનમાં માલ હોય કે ન હોય પણ પાટિયાં ફરજિયાત હોય, પણ ભાવનાં પાટિયાં જોઈને માણસોનાં પેટ નથી ભરાતાં. ભાવ લખ્યો હોય, સામે માલ નથી લખ્યું હોય, એ વાંચીને લોકો ઊંડો નિસાસો નાખે.

આમ વધતી મોંઘવારી અને માલ મળવાની અનિયમિતતાથી વખતોવખત ભૂખે દિવસ કાઢવા પડે. તેથી માનસિક તંગદિલીથી પેલા શિક્ષક ભાંગી પડ્યા. તેમને ટી.બી. લાગુ પડ્યો. ટી.બી.ની સારવાર માટે મોંઘી દવાઓ ક્યાંથી લાવવી? પોષણના અભાવે ટી.બી. થાય. દૂધ સિવાય બીજું એવું કયું પોષણ છે, જે લોકોને રોગોથી બચાવે? પણ ગામડાંઓનું દૂધ તો ડેરીઓવાળા લઈ જાય છે, શહેરીઓને લૂંટવા અને પરદેશી ડેરીઓને કમાવી આપવા.

ગામડાંના માણસોને ટી.બી. તો શું, કોઈ પણ રોગ થાય તો 'ઔષધં જાહ્નવીતોયં વૈદ્યો નારાયણો હરિઃ' કહીને પાણી પી લેવાનું. દૂર દૂરનાં ગામડાંઓમાં માણસો માંદા પડે તો મૃત્યુપર્યંત પાણી એ જ એમની દવા.

અને પાણી પણ રેશનિંગમાં મળતું હોય, તો મળે ત્યાં સુધી રાહ જોવાની. ગામડાંની વનસ્પતિઓ જંગલોની સાથે જ નાશ પામી ગઈ છે. હજારો વનસ્પતિઓ કદાચ હવે પૃથ્વીના પ્રલય સુધી પણ નહિ મળે.

આવી હાલતમાં પેલા શિક્ષકનું અવસાન થયું. મહિનાઓ સુધી જ્યારે તેઓ પથારીમાં તરફડયા હશે ત્યારે તેમનાં સ્ત્રી-બાળકોની પાછળથી શું દશા થશે એ વિચારમાં ને વિચારમાં તેઓ કેવા રિબાયા હશે! કેટલી શારીરિક અને માનસિક રિબામણીવાળું એ મૃત્યુ હશે?

હવે એ બાળકોની અવદશાની પરાકાષ્ઠા આવી. આજીવિકાનું કોઈ સાધન નથી, ભૂખમરાએ આ કુટુંબને ઘેરી લીધું. ઉચ્ચ વર્ણની આ બ્રાહ્મણ બાઈ જેમતેમ કરીને ભીખ માગીને દિવસો પસાર કરવા લાગી. ગામડાગામમાં રોજ ભીખ પણ ક્યાંથી મળે? કોઈ વખત ખાવાનું મળે, કોઈ દિવસ સાવ ભૂખ્યાં રહેવું પડે. બાળકો ભૂખથી રોઈ રોઈને થાકીને સૂઈ જાય ત્યારે આ બાઈના મનમાં કેવો વલોપાત થતો હશે?

આખરે બાઈ તદ્દન ભાંગી પડી. ન ક્યાંય કામ મળે, ન ભીખ મળે. હવે તે ગમે તેને ઘેરે જઈને તેનો એંઠવાડ માગી લાવવા લાગી. જે કાંઈ એંઠુંજૂઠું મળે તે લઈ આવીને બાળકોને ખવડાવે. પછી તે ઘર વાણિયાનું હોય, લુહાર-સુતારનું હોય કે હરિજનનું પણ હોય.

કેટલાં નિરાધાર કુટુંબો આવી હાલતમાં જીવતાં હશે આ દેશમાં? સમાજ મૂઢ બની ગયો છે એમ નથી

લાગતું ? મારા ગામમાં કોઈ ભૂખે પેટે સૂએ નહિ એવી ચોંપ રાખનાર રાજવીઓ અને શ્રીમંતોના વારસદારો શું રહ્યા જ નથી ?

આપણા આયોજનકારોની નજર આવાં નિરાધાર કુટુંબો ઉપર કદી પણ પડશે ખરી ? સંભવ નથી; કારણ કે હૂંડિયામણ, મૂડી, વિકાસ અને પરદેશી કરજની ગણતરીની દીવાલો ભેદીને આ નિરાધાર કુટુંબોના ચિત્કાર તેમને સંભળાય તેમ નથી. તેમની ઍરકંડિશન્ડ ઑફિસોમાં આવા કરોડો લોકોના અને કતલ થતા અબજો જીવોના પણ ઊના ઊના નિઃશ્વાસ પણ ઠંડા થઈ જશે.

આપણી નજર તેમના ઉપર ભલે ન પડે પણ ખ્રિસ્તી મિશનરીઓની નજર જરૂર તેમના ઉપર પડશે અને ત્યારે એ લોકો ખ્રિસ્તી ધર્મ સ્વીકારી એમને તરછોડનારા સમાજના ખોફનાક દુશ્મનો બની ઊભા રહેશે.

સમાજદર્શન

[૫]

મુંબઈ શહેરના એક પરાના મંદિરમાં કોઈ ભાવિક ગૃહસ્થે સૂકામેવાના હિંડોળા કરાવ્યા છે. બદામ, પિસ્તાં, કાજુ, અંજીર, અખરોટ વગેરે દોરીમાં પરોવીને હિંડોળા ઉપર બાંધ્યાં છે.

સેંકડો ભાવિકો આ દર્શન કરે છે. એક દંપતી (બંને ગ્રૅજ્યુએટ છે.) આ હિંડોળાની સખત ટીકા કરવા લાગ્યાં. એક ઓળખીતા ભાઈ આ દંપતીને રસ્તા પર ભેટી ગયા. તેની પાસે આ દંપતી પોતાના હૈયાની વરાળ કાઢવા લાગ્યાં કે 'આટલી મોંઘવારીમાં લોકો પિસાય છે ત્યારે

આ ધનાઢચોને પોતાની સંપત્તિનું પ્રદર્શન ગોઠવવામાં રસ છે. લોકોને પૂરું ખાવાનું મળતું નથી ત્યારે આવા કાળાબજારિયાઓને પોતાની સંપત્તિનાં પ્રદર્શનો ગોઠવીને સૂકામેવા આરોગવા છે. પછી દેશ ક્યાંથી ઊંચો આવે?'

પેલા સામે મળેલા ભાઈએ પૂછ્યું કે 'આ લોકો મેવો નહિ ખાય તો દેશ કેવી રીતે ઊંચો આવશે? તેઓ સૂકોમેવો ન ખાય તો એવો કયો ચમત્કાર સરજાય કે દેશ ઊંચો આવે?'

'તેમને મેવો ખાવો હોય તો છાને ખૂણે બેસીને ભલે ખાય. પણ આ પ્રમાણે પોતાની સંપત્તિનું પ્રદર્શન કરીને શા માટે લોકોમાં ઈર્ષાવૃત્તિ જાગ્રત કરતા હશે?'

'લોકો અહીં ભગવાનનાં દર્શન કરવા આવે છે. દર્શન કરવાને બદલે તેમણે ઈર્ષા શા માટે કરવી જોઈએ?' પેલા ભાઈએ સામો જવાબ આપ્યો. 'શા માટે તેમણે મંદિરમાં ઈર્ષા કરીને પાપમાં પડવું જોઈએ?'

પેલાં દંપતીએ કહ્યું કે 'સંપત્તિનાં આવાં પ્રદર્શનો કરે પછી આવી ઈર્ષા તો થાય જ ને?'

પેલા ભાઈએ જવાબ આપ્યો કે 'પણ આને પ્રદર્શન કેમ કહેવાય? આ તો માત્ર ૪૦૦–૫૦૦ માણસો દર્શન કરવા આવશે, તે જોશે. જોનારાને ખબર પણ નથી કે હિંડોળા કરાવનાર કોણ છે. લોકો તેને ઓળખે નહિ તો પ્રદર્શન નિષ્ફળ ગયું કહેવાય.

'તેણે સંપત્તિનું પ્રદર્શન કરવું હોય તે ફાઈવ સ્ટાર

હોટેલો ક્યાં નથી? ત્યાં જલસા ગોઠવીને હજારો માણસોને પોતાની સંપત્તિ અભિમાનપૂર્વક દેખાડી શકે છે.'

દંપતીએ વળી દલીલ કરી કે 'ઘણા લોકો ભૂખે મરતા હોય ત્યારે તેમણે મેવા શા માટે ખાવા જોઈએ? તેને બદલે તેઓ ગરીબોને અનાજ આપે તો શું ખોટું?'

'કાંઈ જ ખોટું નહિ.' પેલા ભાઈએ જવાબ આપ્યો. 'પણ આપણે એમ કઈ રીતે માની લઈએ કે તે ગરીબોને અનાજ નહિ આપતા હોય? શ્રીમંતો પણ મેવો નહિ ખાય તો મેવા ઉગાડનારા પણ ભૂખે મરવા લાગશે.'

'તમે આવા કાળાબજારિયાઓનો પક્ષ લેતાં ક્યારથી શીખ્યા?' પેલાં દંપતીએ ગુસ્સે થઈને પૂછ્યું.

'હું આ હિંડોળા કરાવનાર ભાઈને ઓળખતો જ નથી એટલે એનો પક્ષ લેવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. વળી એ કાળાબજારિયો છે એમ માનવાને પણ કારણ નથી. કોઈ મોટો વેપારી કાળાંબજાર ન કરતાં પ્રામાણિકપણે ધંધો કરતો હોય તોપણ તે આટલો ખરચ કરીને હિંડોળા કરાવી શકે.'

'પણ વેપારી કાળાંબજાર કર્યા વિના કમાઈ શકે જ નહિ.' દંપતીએ તેમની જીદ હજી ચાલુ રાખી.

'જુઓ. તમે કાળાબજારનો અર્થ જ નથી સમજતા. માત્ર સરકારી અને સમાજવાદીઓના પ્રચારથી મનમાં એક જાતની ગ્રન્થિ બંધાઈ ગઇ છે. ઘણા વેપારીઓ પ્રામાણિકપણે વેપાર કરે છે અને સરકારને કર ભરી દે છે.

એ સાચું છે કે આમ કરવાથી તેમની પ્રમાણિકપણે કરેલી કમાણીનો મોટો ભાગ ગુમાવી દે છે.

'બીજા કેટલાક વેપારીઓ મોટો વેપાર કરે છે, પ્રમાણિકપણે કરે છે. મોટા વેપારને લીધે તેમનો નફો પણ મોટો હોય છે. જે વેપારી મોટો નફો કરે તે કોઈ વાર મોટી ખોટ પણ કરે. હવે જો નફાનો મોટો ભાગ કરમાં તણાઈ ગયો હોય તો મોટી ખોટ આવે ત્યારે તે ભરપાઈ ન કરી શકે એટલે તેની આબરૂને ધક્કો લાગે. માટે સરકાર જ્યારે અમાનુષી કરવેરા નાખે ત્યારે પોતાની પ્રમાણિકપણે મેળવેલી કમાણી બચાવી લેવા આવા વેપારી હવાલા નાખી થોડોઘણો નફો સંતાડી દે. આ બચાવી લીધેલી સંપત્તિ કહેવાય, કાળાબજાર ન કહેવાય.

'કાળાબજાર તો ત્યારે કહેવાય જ્યારે વેપારી પૈસાના જોરે માલ દબાવી અકુદરતી અછત પેદા કરે અને પછી માલ વગર બિલે બજારભાવ કરતાં બમણા-ત્રણગણા ભાવે વેચે. એ નાણાને કાળાબજારનું નાણું કહેવાય.'

'અને હજી એક બીજી વાત પણ સમજી લો કે એ ભાઈએ મેવો ખાવો જ હોત તો તે પોતાના ઘરમાં બેસીને ખાઈ શકત, પણ ભગવાનની ભક્તિને કારણે અને દર્શનાર્થીઓને પ્રસાદ દેવા તેણે આ હિંડોળા કર્યા હશે.

'આજે ગરીબ અને મધ્યમ વર્ગનાં કરોડો બાળકોએ બદામ, પિસ્તાં, અખરોટ વગેરેનાં નામ પણ નહિ સાંભળ્યાં હોય તો જોયાં તો ક્યાંથી જ હોય? આજે

આવાં ઘણાં બાળકો આ મેવાનાં નામ જાણશે, કેવા હોય તે જાણશે અને તેના સ્વાદ પણ માણશે.'

'પણ આવી લકઝરીની ચીજ બાળકોને દેખાડવાની અને ખવડાવવાની શી જરૂર છે? એને બદલે એમને પિપરમીટ, ચૉકલેટ આપીએ તો કેવાં રાજી થાય!' હજી પણ દંપતીએ તેમની જીદ ચાલુ રાખી.

'બાળકોને પિપરમીટ, ચૉકલેટ આપવી એટલે તેમના શરીરમાં ડાયાબિટીસના રોગનો પાયો નાખવો. ખાંડનો દુરુપયોગ કરવો અને સમાજમાં ડાયાબિટીસ જેવા ભયંકર રોગનો ફેલાવો કરનાર ઉદ્યોગને ઉત્તેજન આપવું. સૂકો મેવો માત્ર મોરારજીભાઈના કહેવાથી લકઝરીની ચીજ નથી બની જતો. એ તો બાળક, યુવાન અને વૃદ્ધ તમામ માટે ઉપયોગી અને આવશ્યક ખોરાક છે, જે આપણા નાણાપ્રધાનોએ નિર્દયતાથી આપણી પાસેથી ઝૂંટવી લીધો છે. ૫૦ વરસ પહેલાં બદામ ચાર આને રતલ (૪૫૦ ગ્રામ) અને પિસ્તાં આઠ આને રતલ મળતાં.

'આર્થિક અસમાનતા-નાબૂદીનાં દંભી અંચળા નીચે ભારે કરવેરા અને લાઇસન્સ ક્વોટા પદ્ધતિ દ્વારા સરકારે જ એનો ભાવ અનુક્રમે ૧૮૦ રૂપિયે કિલો અને ૨૫૦ રૂપિયે કિલો થવા દીધો છે.'

'પણ આવાં પ્રદર્શનો અટકાવવાં જોઈએ એમ નથી લાગતું?' હજી એની એ દલીલ દંપતીએ આગળ ચલાવી.

'વળી પ્રદર્શનની વાત કરી? આ પ્રદર્શન નથી, ભક્તિભાવ છે. જે લોકોને આવી ચીજ જોવા પણ નથી મળતી, તેમના પ્રત્યેનો સમભાવ છે, એ શા માટે

અટકાવવો [illegible]થી પૂછતા કે આવી ઉપયોગી ચીજો ફરીથી સહુને મળે અને બાળકોનાં બળ-બુદ્ધિ વધે, એનો કોઈ ઉપાય છે?'

'તો ચાલો એમ પૂછીએ છીએ કે એનો કોઈ ઉપાય છે?' આ પ્રશ્નથી પેલા ભાઈ મૂંઝાશે એમ ધારીને દંપતી બોલ્યાં.

'હા જરૂર છે.' પેલા ભાઈએ તરત જવાબ આપ્યો. "આ દેશમાં પરદેશથી આયાત કરેલી શોષક અને હિંસક યાંત્રિક અર્થવ્યવસ્થાની મૂડીવાદી, સમાજવાદી અને સામ્યવાદી ત્રણે શાખાઓને અરબીસમુદ્રમાં ફેંકી દો અને ગોરક્ષા, વનરક્ષા, ભૂરક્ષા તેમ જ જલરક્ષા દ્વારા આપણી ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થા સ્વીકારો.

'ગોરક્ષાનું એ સુદર્શન ચક્ર આજની તમામ મુશ્કેલીઓ નાબૂદ કરી પ્રજાને સાચાં સુખ, શાન્તિ અને સમૃદ્ધિ આપશે. પછી તમારે આર્થિક અસમાનતા ટાળવાનો દંભ પણ નહિ કરવો પડે, ગરીબી હઠાવોની ગર્જનાઓ પણ નહિ કરવી પડે અને વેપારીઓને ગાળો પણ નહિ આપવી પડે.'

'પણ તમારી વાત સાચી હોય તોપણ એ કોણ માને?' હવે દંપતીએ પરાજય સ્વીકાર્યો.

'જેને માનવું હોય તે માને. નહિ માને તો આ ગગનચુંબી મહેલાતો એક દિવસ ભસ્મીભૂત થઈ જશે. અને ન માનનારાઓનાં બાળકોનું સ્થાન સામે દેખાતી ઝૂંપડપટ્ટીઓમાં હશે. ભલે આજે તેઓ કરોડપતિઓ હોય.'

'પણ આ સમજ લોકોને કોણ આપે?' દંપતી હવે પોતાની ભૂલ કબૂલ કરતાં હોય એમ બોલ્યાં.

'એ કામ તમારું શિક્ષકોનું છે.' કહી પેલા ભાઈ તો ચાલતા થયા.

પેલાં શિક્ષક–દંપતી એકબીજાને કહેવા લાગ્યાં, 'આની વાત તો તદ્દન સાચી છે, પણ આપણને કેમ કદી આ સૂઝતું જ નહિ હોય?'

તેમને ક્યાં ખબર છે કે તેમણે જ્યાં શિક્ષણ લીધું છે તે કૉલેજમાં તેમનું બ્રેઇન-વૉશ કરી નાખવામાં આવ્યું છે. (મગજમાં ભ્રમણા પેદા કરવામાં આવી છે.) પછી શી રીતે આ વાત સમજાય?

સમાજદર્શન

[૬]

ભરયુવાન વયનો આ વેપારીનો દીકરો આજે મૂંઝાઈ પડ્યો છે. બાપદાદાના વખતથી ચાલતી દુકાન સંભાળીને પ્રામાણિકપણે કમાણી કરી ગુજારો કરતો આ યુવાન હપતા માગતા અધિકારીઓના રોષનો ભોગ બન્યો છે.

કોઈ પણ ચીજવસ્તુમાં ભેળસેળ ત્યારે જ થઈ શકે, જ્યારે તેની ઉગ્ર અછત હોય. એ ભેળસેળ અટકાવવાનો વહેવારુ ઉપાય એ છે કે અછતની ચીજનું ઉત્પાદન વધે તેવાં પગલાં લેવાં. પણ સરકારોને આવી સાદી સમજની વાત મંજૂર નથી હોતી.

એ તો ભેળસેળ અટકાવવાના કાયદા કરે છે. પછી અછત વધે તેમ તેના કાયદા પણ વધે છે. તેથી પરિસ્થિતિ

વધુ કથળે છે. પરિણામે ભેળસેળ-પ્રતિબંધક કાયદા, તેની પેટાકલમો, તેનો અમલ કરનાર અધિકારીઓ અને તેના ખરચા વધતા જાય છે. પછી પ્રજાની મુશ્કેલીઓ વધે છે. ભેળસેળ પણ વધે છે. બાહોશ ભેળસેળિયા અધિકારીઓને હપતા આપીને ભેળસેળ ચાલુ રાખે છે. પ્રામાણિક વેપારીઓ આરોપી તરીકે કોર્ટમાં ઘસડાય છે. કોર્ટમાં આવા કેસો વધતા જાય એટલે નવી કોર્ટો ખોલવી પડે. વકીલો માટે ધંધાનું એક નવું ક્ષેત્ર ખૂલી જાય છે.

આ યુવાન ઉપર અનેક આરોપો મુકાયા છે. તે હપતા આપીને છૂટી ગયો હોત, પણ એણે લડવાનું પસંદ કર્યું. વરસો સુધી લડીને તે નિર્દોષ છૂટી ગયો. પણ લડવામાં ધ્યાન રોકાવાથી ધંધામાં પૂરું ધ્યાન રાખી શક્યો નહિ. દુકાન પડી ભાંગી. પાસે મૂડી હતી તે કોર્ટ અને વકીલોના ખરચમાં વપરાઈ ગઈ. હવે શું કરવું?

કુટુંબનું ગુજરાન કેમ કરવું તેની સૂઝ પડતી નથી. ક્યાંય નાખી નજર પહોંચતી નથી. તે શૂન્યમનસ્ક થઈ ગયો છે. હતાશ, ભગ્નાશ થઈને આપઘાતના વિચારે ચડ્યો છે.

આસપાસના લોકોને લાગ્યું કે આ યુવાન હતાશામાં જો આપઘાત કરશે તો એનાં બાળબચ્ચાંનું શું થશે? તેમણે એક સુખી ગૃહસ્થને ભલામણ કરી કે આ માણસ બહુ પ્રમાણિક છે. એને પાંચેક હજારની લોન આપો તો કોઈ વેપાર કરીને પગભર થાય. તમારા રૂપિયા તે જરૂર વ્યાજ સહિત પાછા આપશે.

પેલા ગૃહસ્થે પાંચ હજાર રૂપિયા આપ્યા. પણ આ યુવાન હતાશ થઈ ગયો હતો તો બીજી તરફથી કોર્ટમાં હારીને સખત ટીકાને પાત્ર થયેલા અમલદારો વધુ દ્વેષી અને ઝનૂની બન્યા હતા. હવે તેમને હપતાની લાલચ ન હતી, પણ કોર્ટમાં તેમને ટીકાપાત્ર બનાવનારને પાયમાલ કરવો હતો. મનથી હારી ચૂકેલો આ વેપારી આ અમલદારોની વિવિધ સતામણીઓ સામે ટકી શક્યો નહિ. તેમણે ઊભી કરેલ અનેક અડચણોથી નુકસાની ઉપર નુકસાની સહન કરી ફરીથી ઘેર બેઠો. લોનનાં નાણાં નુકસાની અને ખરચામાં વપરાઈ ગયાં.

તેના સદ્ભાગ્યે તેના રહેવાના સ્થળથી ૮૦–૫૦ માઈલ દૂર કોઈ કારખાનામાં તેને નોકરી મળી. રોજ વહેલી સવારે નોકરી ઉપર જાય અને રાતે ઘરે પાછો ફરે.

પેલા સુખી ગૃહસ્થને મહિનાઓ સુધી મૂડી, વ્યાજ કે આ વેપારીના સમાચાર પણ મળ્યા નહિ. એટલે તેણે પોતાના કોઈ મિત્રને તેનું શું થયું છે તેની તપાસ કરવા મોકલ્યો.

એ મિત્ર અજાણ્યો થઈને પેલા વેપારીને ઘરે મહેમાન તરીકે ગયો. યુવાન વેપારીની પત્નીએ તેનો સત્કાર કર્યો. તેનો પતિ 'દૂર ફેક્ટરીમાં નોકરી કરવા ગયેલ છે અને રાતે પાછો ફરશે' કહીને તેને જમવાનો આગ્રહ કર્યો.

મનમાં મૂંઝવણ તો ઘણી થઈ કે શું જમાડવું ? ઘરમાં કંઈ જ હતું નહિ. માત્ર આગલા દિવસના બે-ચાર ખાખરા હતા તે અને જરા મીઠું થાળીમાં મૂકીને આપ્યાં, પણ તે આપતાં આંખમાંથી આંસુ ટપકી

પડચાં. તે પેલા આગંતુક જોઈ ગયા. એ બધી પરિસ્થિતિ સમજી ગયા.

ત્યાં તો વેપારીનો નાનો દીકરો આવ્યો. કહે, 'બા, ભૂખ લાગી છે, કાંઈ ખાવાનું આપે તો ખાઈને નિશાળે જાઉં.' તેની નિશાળ પણ આ ગામડાગામથી ૧૦–૧૫ માઈલ દૂર હતી. 'છોકરો અત્યારે ભૂખ્યો જશે તો છેક સાંજ સુધી ભૂખ્યો રહેશે.' આ વિચારે માને વલોવી નાખી. કાંઈ ખાવાનું બચી ગયું હોય તો શોધવા ડબલાં ખોલી ખોલીને તપાસ્યાં, તો એક ડાબરામાંથી પાંઉનો સુકાઈ ગયેલો ટુકડો મળી આવ્યો. તે લઈને દીકરાને આપ્યો ને કહે, 'બેટા, આ આટલું છે તે ખાઈ લે. ઉપર પાણી પીજે એટલે પેટ ભરાઈ જશે. સાંજે પાછો આવીશ ત્યારે કંઈક બનાવી રાખીશ.'

દીકરાએ પાંઉનો લુખો ટુકડો ખાધો. ઉપર પાણી પીધું. માતાએ આગ્રહ કરીને બે પ્યાલા પાણી વધારે પાયું, જેથી પાણીથી પેટ ભરાય અને નિશાળે મોકલ્યો. ફરીથી આંખમાં પાણી આવ્યાં તે લૂછી નાખ્યાં. પેલા તપાસ કરવા આવેલ ભાઈ એક વખતના સુખી કુટુંબની કરુણ હાલત જોઈ ગદ્‌ગદ થઈ ગયા. પાછા જઈને પેલા સુખી ગૃહસ્થને આ હાલત કહી સંભળાવી.

પેલા ગૃહસ્થ પૂરા ખાનદાન હતા. તેમણે આપેલા રૂપિયા માંડી વાળ્યા. પેલા યુવાનને તેની જાણ કરી અને લખી જણાવ્યું કે 'ભાઈ, દુનિયામાં ચડતીપડતી તો આવ્યા જ કરે છે, માટે હિંમત હારશો નહિ અને વધુ મદદની જરૂર પડે તો વિના સંકોચે લઈ જશો.'

આવા કેટલા નિર્દોષો સત્તાધારીઓના શોષણનો ભોગ બનતા હશે? આવાં કેટલાં બાળકો પાણી પીને જ પોઢી જતાં હશે? અરે! ઘણા પ્રદેશોમાં તો પીવા માટે પાણી પણ ક્યાં છે? ત્યાં તેમની શી દશા થતી હશે? કેટલી સ્ત્રીઓ છૂપાં આંસુ સાર્યા કરતી હશે?

ધ્રુવજીએ દિવસો સુધી માત્ર પાણી પીને જ તપ કર્યું હતું. પણ તેમને તો ભગવાનનાં દર્શનની ઇચ્છા હતી. આ તો સિક્યુલર સ્ટેટ છે. તેમાં ભગવાનનાં દર્શનની ઇચ્છા રખાય ખરી?

મિશ્ર અર્થતંત્રની પંચવર્ષીય યોજનાઓ આવા કેટલા આશાભર્યા પ્રામાણિક યુવાનોની જિંદગી ધૂળમાં મેળવી દેતી હશે? કેટલી માતાઓ છાનાં આંસુ સારતી પોતાનાં બાળકોને પાણી પિવડાવીને સુવડાવતી હશે? વાતાવરણમાં દર વરસે વધી રહેલી ગરમી આવાં કરોડો સ્ત્રી-બાળકોના ઊના ઊના નિઃશ્વાસોનું પરિણામ નહિ હોય?

આ કરોડો નિર્દોષ માનવીઓના અને આ શોષક અર્થવ્યવસ્થાને ધબકતી રાખવા કતલ થતાં કરોડો પશુપક્ષીઓના ઊના નિઃશ્વાસો તો દક્ષિણ ધ્રુવ અને ઉત્તર ધ્રુવના બરફને પિગાળી રહ્યા નહિ હોય?

આપણને આ બધું જોવાની કે વિચારવાની ફુરસદ નથી. કારણ કે આપણી આંખો ટી.વી. ઉપર, ફિલ્મી સ્ટારોનાં ચિત્રો ઉપર અને ગગનચુંબી મહેલાતોના વૈભવવિલાસ ઉપર મંડાયેલી છે. આપણા મનમાં કૅબરે ડાન્સીસ જોવા જવાની લાલસા પ્રજ્વળે છે.

લાયન્સ કલબ અને રોટરી કલબનાં કરોડોનાં ફંડો આ લાખો લાચાર પાણી પીને સૂઈ રહેનારાં બાળકો સુધી નથી પહોંચતાં. એ તો પહોંચે છે મોટી ફાર્મસીઓ સુધી, હૉસ્પિટલો સુધી અને કૉલેજો સુધી; જ્યાંથી સંસ્કારી માબાપના પુત્રો અસંસ્કારી બનીને બહાર પડે છે.

અમારા કથાકારો તપસ્વી ધ્રુવજીને તો બરાબર જાણે છે. પણ તે ધ્રુવ તો એક જ હતા. આજના કરોડો ધ્રુવજી-ઓની કથા લોકોને સંભળાવવા કોઈ સાચો કથાકાર ક્યારે બહાર આવશે ?

**સમાજદર્શન**

**[૭]**

ઈ. સ. ૧૯૧૬–૧૭ની સાલની આ વાત છે. એક શ્રીમંત ભાટિયા ગૃહસ્થ મુંબઈમાં રહે. આજના હિસાબે શ્રીમંત ન કહેવાય. પણ તે સમયે તો બે-ત્રણ લાખ તો ઘણી મોટી આસામી કહેવાય. મૂળજી જેઠા મારકીટમાં કાપડની દુકાન. આખું કુટુંબ મુંબઈ રહે, પણ દેશમાં ૨૦–૨૫ ગાયો રાખેલી. તેને સાચવવા એક નોકર પણ રાખ્યો હતો. દર મહિને નોકરનો પગાર અને ગાયોના ઘાસચારાના રૂપિયા દેશમાં મોકલે.

એક દિવસ કોઈ પારસી મિત્રે પૂછ્યું કે 'તમે રહો છો તો મુંબઈમાં, પછી શા માટે દેશમાં ગાયો રાખીને આટલો ખરચ કરો છો ?'

પેલા ગૃહસ્થે જવાબ આપ્યો કે 'અમે ભાટિયા એટલે ક્ષત્રિય છીએ. ક્ષત્રિયોનો ધર્મ ગો-બ્રાહ્મણ-પ્રતિપાળનો માટે

૫

ગાયો રાખી છે. અમારા બાપદાદાઓના વખતથી પેઢીધર અમે ગાયો પાળતા આવ્યા છીએ. આ ગાયો છે તે પણ અમારા પૂર્વજોની ગાયોના વંશવેલાની છે. હું એમને પાળું છું. દૂધ બ્રાહ્મણોને અને મંદિરોમાં આપવાની વ્યવસ્થા કરી છે. ઉપરાંત એક નોકર નભે છે. કમાવા માટે મુંબઈ આવ્યા માટે કાંઈ બાપદાદાના કુલાચાર અને ગાય તેમ જ બ્રાહ્મણને પાળવાનો ધર્મ ચુકાય ? કોને ખબર કે આ ગાયોના નસીબનું જ અમે નહિ કમાતા હોઈએ ?'

*

હવે પ્રસંગ છે ૧૦–૧૨ વરસ પછીનો. અમારો પેઢી-ધર ગોવાળ. ચાર-પાંચ પેઢીનો સંબંધ. દર વરસે મુંબઈથી દેશમાં જાઉં ત્યારે અચૂક તેને ઘેર મળવા જવાનો નિયમ.

એક જમાનામાં એનું ખોરડું શ્રીમંત ગણાતું. ઘરે ગાયો-ભેંસો મળી પચાસેક ઢોર હતાં. ગામનાં પશુઓ ચારવા લઈ જાય ત્યારે હજારેક ગાયો અને પાંચસો-છસો ભેંસોનું ધણ લઈને નીકળે. પણ ઉપરાછાપરી દુકાળોએ, ગામની ઓછી થતી જતી પશુવસ્તીએ અને વધતી જતી મોંઘવારીએ એને ભાંગી નાખ્યો છે. માથે કરજ થયું છે.

એક વખત તેને ઘેર ગયો. ત્યાં તેની પત્નીએ મને કહ્યું કે 'ભાઈ, આને જરા સમજાવોને ! એ તમારા વિના કોઈનું નહિ ગાંઠે.'

મેં પૂછ્યું : 'શું બાબત છે? શું સમજાવવું છે?' તો કહે, 'જુઓને, આ દુકાળનું વરસ છે. ઘાસચારાનું નામ લેવાતું નથી. છતાં જ્યાં ત્યાંથી આ પાંખડાં (પાંખડાં એટલે વસૂકી ગયેલાં) ઢોર ભેગાં કરીને રોજ રોજ લઈ

આવે છે. દૂઝણી ગાય તો આ ઊભી છે, એ દશ જ છે. બાકીની બધી આ ટોળાંબંધ ઊભી છે એ પાંખડી છે.'

મેં ગોવાળને પૂછ્યું, 'આ બધી ક્યાંથી લાવ્યો છે?'

તે કહે કે 'દુકાળ છે તે બધા રસ્તા ઉપર છોડી જાય છે. રસ્તા ઉપર ભૂખી ઠેબાં ખાતી જોઉં એટલે હાંકી આવું. હું ન લઈ આવું તો બિચારીને કસાઈ લઈ જાય.'

મેં પૂછ્યું, 'પણ એને ખવડાવીશ ક્યાંથી?' તરત એની પત્ની તાડૂકી, 'ગાંઠમાં ફદિયું તો છે નહિ. અને નીરણ તો રૂપિયાના બે પૂળા માંડ મળે છે. તે શું મારું કાળજું ખવડાવશે? એ તો વહેલી સવારે જંગલમાં જાય છે અને જે કાંઈ મૂળિયાં કે એવું કાંઈ મળે તે ખોદીને લઈ આવે છે. એનો ખાંડીને ભૂકો કરે છે. આજુબાજુથી એંઠવાડ માગી લાવે છે. તેમાં પેલો ભૂકો મેળવીને ખવડાવે છે અને અર્ધભૂખી ગાયોના નિસાસા લે છે. કહું છું કે છોડી મેલ, તો માનતો નથી.'

મેં ગોવાળ સામે જોયું તો કહે કે 'અહીં બાંધી છે તો એટલુંય પામે છે. છોડી મૂકું તો રસ્તા ઉપર પૂછલી જઈને પડે અને મરી જાય. અથવા કસાઈ લોકો હાંકી જાય. હજી એકાદ મહિનો છે. તે જેમ તેમ કરીને ખેંચી કાઢીશ. પછી તો ચોમાસું બેસશે એટલે વાંધો નહિ આવે.'

મેં પૂછ્યું, 'તો પછી આને પાંજરાપોળમાં કેમ નથી મૂકી આવતો?' તો કહે કે 'પાંજરાપોળવાળા પણ થાક્યા છે. મેં ઘણી વિનવણી કરી પણ નથી રાખતા.'

'તો પછી તું શું કરવા રાખે છે?' મારાથી પુછાઈ

ગયું. તેણે મારી સામે નજર નોંધી. એની નજરમાં વિષાદ ભર્યો હતો.

'તું આવું પૂછીશ એમ મેં નો'તું ધાર્યું. મુંબઈ જઈને તારી પણ બુદ્ધિ બગડી? ગામનું મહાજન રૂપિયા-આના-પાઈના હિસાબ કરતું થઈ ગયું પણ હું તો આ ગામનો પેઢીધર ગોવાળ. મારાથી મારા ગામની ગાયોને મરતી કેમ જોવાય? અને આ દશ ગાવડિયું આવા કપરા કાળમાં પણ દૂઝે છે તે કોને ખબર એમાંની કોઈ પાંખડીના નસીબે જ દૂઝતી હશે. ગામમાં લાખોપતિ છે. પણ બધાની બુદ્ધિ બગડી ને કોઈને દુકાળમાં મરતાં ઢોરની અને માણસોની પડી નથી, પણ હું મારો ધરમ કેમ ચૂકું?'

એને ઠપકો આપવા જતાં હું જ ભોંઠો પડ્યો. મારી પાસે એની દલીલનો કોઈ જવાબ ન હતો. પાછળથી મને ખબર પડી કે આ દુષ્કાળગ્રસ્ત ગાયોને બચાવવા તેણે પોતાનાં ત્રણ ઘર ગીરો મૂકી દીધાં હતાં કારણ કે ગામનો ગોવાળ હોવાની એને ખુમારી હતી. ગોવાળ તરીકે શક્ય એટલાં પશુઓ બચાવી લેવાનો એણે પોતાનો ધર્મ માન્યો હતો.

સ્વતંત્ર ભારત આવા માલધારીઓને ખોઈ બેઠું છે, અને અબૂધ, અનાર્થિક પરદેશી ડિગ્રીવાળા હજારો પશુ-શાસ્ત્રીઓના પગાર પાછળ દર વરસે કરોડો રૂપિયા ખરચીને દેશનાં પશુઓનું નિકંદન કઢાવે છે.

*

અને હવે પ્રસંગ છે ૫૦ વરસ પછીનો. એક વૈષ્ણવ કરોડપતિને ઘેરે જવાનું થયું. સાંભળ્યું હતું કે તેણે

પોતાના બંગલામાં ગાયો રાખી છે. મેં ચારે બાજુ નજર ફેરવી પણ ક્યાંય ગાય દેખાતી નહિ. એટલે સહજભાવે પૂછ્યું, 'તમે તો ગાયો રાખી છે ને ? ક્યાં રાખી છે ? મારે જોવી છે.'

તરત જવાબ મળ્યો : 'રાખી હતી, પણ કાઢી નાખી. આજના જમાનામાં એ ન પોષાય – તદ્દન અનઇકૉનૉમિક....ઘાસચારાની કિંમત જેટલું પણ દૂધ........'

'પણ તમારે ક્યાં દૂધ વેચવું છે ?' મેં તેને વચ્ચેથી જ અટકાવીને પૂછ્યું. 'જેને દૂધનો વેપાર કરવો હોય તે એવી ગણતરી કરે.'

'એમ નહિ' પેલા સજ્જને જવાબ આપ્યો. 'વેપાર ભલે ન કરીએ પરંતુ દરેક વસ્તુ ઇકૉનૉમીની દૃષ્ટિએ જોવી જોઈએ. ગાય રોજ ત્રણ લિટર દૂધ આપે અને પાંચ રૂપિયા ખવડાવવાનો ખરચ આવે, વાછરડીને ખવડાવવાનો ખરચ જુદો અને વળી તેની દેખભાળ રાખવા માણસ રાખવો પડે, તેનો પગાર ચડે. તેને બદલે દૂધ વેચાતું લઈએ તો છ રૂપિયામાં ત્રણ શેર દૂધ આવે એટલે ઇકૉનૉમીની દૃષ્ટિએ ગાય કાઢી નાખી.'

આ બધી વાતચીત દરમિયાન મારી નજર સામે પડેલી બે મોટર અને બે આલ્સેશિયન કૂતરા ઊભા હતા તેની ઉપર ચોંટી હતી.

શેઠની રજા લઈ પાછો ફરતાં હું રસ્તામાં વિચારતો હતો કે આ મોટરો કદી પણ અન-ઇકૉનૉમિક થવાની નહિ. ચાર આને માઈલ દોડતી ત્યારે ઇકૉનૉમિક હતી, ૧૨૫ પૈસે માઈલ દોડે છે તોપણ ઇકૉનૉમિક છે અને

કોને ખબર છે કાલે પાંચ રૂપિયે માઈલ દોડતી હશે તોપણ ઈકોનૉમિક હશે.

અને આ આલ્સેશિયન કૂતરાઓનો તો કદી પણ આર્થિક-અનાર્થિકપણાનો સવાલ જ નથી. કારણ કે પાશ્ચાત્યોએ કે આપણા પશુશાસ્ત્રના નિષ્ણાતોએ તેમને કદી પણ અનાર્થિક કહ્યા નથી.

તેઓ તો કહે છે કે જો ગાયો મારવાનું બંધ કરશો તો દેશ પર ખરચનો બોજો વધી પડશે અને તેઓ માંદી પડે તો તેમની સારવાર કરવા અમારી પાસે સાધન નથી. પશુઓ માંદાં પડે તે માટે દવાખાનાં તો હોય છે, પણ એ તો બધાં કૂતરાંઓની સારવાર માટે.

આલ્સેશિયન કૂતરા અને બીજા કૂતરા પણ રોજ ચાર પાંચ રૂપિયાનું દૂધ પીએ (બાળકોને ભલે ચાર પાંચ આનાનું પણ ન મળે), છથી આઠ રૂપિયાનું માંસ ખાય, પાંઉ કે રોટલી ખાય તે તો જુદું, ઉપરાંત તેમને નવડાવવા, ફરવા લઈ જવા, ખાવાનું આપવા એક નોકર રાખવો જોઈએ. પણ એ તો બધું અનિવાર્ય છે. કારણ કે આપણે પશ્ચિમી ઢબે જીવવું છે. અને પાશ્ચાત્યોએ કદી કૂતરાને અનઇકૉનૉમિક કહેલ નથી.

તેમની નજરે ભારતમાં જો કાંઈ અનઇકૉનૉમિક હોય તો તે આપણી ગાયો છે.

અને આપણા પશ્ચિમચક્ષુઓને આ કૂતરા દૂધ પીએ, માંસ આરોગે એ નથી ખૂંચતું. ખૂંચે છે આપણા ધર્મ-ગુરુઓ દૂધ પીએ કે ઠાકોરજીનો પ્રસાદ આરોગે તે. તેમને

ખૂંચે છે, જો તમે કોઈ ધાર્મિક પ્રસંગે ૨૫–૫૦ સંબંધી-ઓને જમાડો તે.

પચાસ વરસમાં સમાજમાં કેવું પરિવર્તન !

સમાજદર્શન
[૮]

જાણો છો? દેશમાં કારખાનાંઓની સહુથી વધુ સંખ્યા કયા ક્ષેત્રે છે?

પ્રજાને પરદેશી વિચારસરણી, પશ્ચિમી સંસ્કૃતિ, પરદેશી હિંસક અને શોષક અર્થવ્યવસ્થામાં પલોટવા સ્કૂલો અને કૉલેજો રૂપી ફૅક્ટરીઓ શિક્ષણક્ષેત્રે સહુથી વધારે છે.

આશરે પાંચ લાખ સ્કૂલો, ૩૨૫૩ કૉલેજો અને ૧૦૬ યુનિવર્સિટીઓના માર્ગદર્શન નીચે ૧૩ લાખ ૬૬ હજાર શિક્ષકો, ૯ કરોડ ૨૫ લાખથી વધુ બાળકોનું પશ્ચિમીકરણ કરી રહ્યા છે.

પશ્ચિમીકરણની આ ક્રિયા માટે પાંચ પંચવર્ષીય યોજનાઓમાં ૧૩ અબજ રૂપિયા ખરચવામાં આવ્યા છે. છતાં આ કારખાનાંઓમાંથી છેલ્લાં ૩૨ વરસમાં એક પણ રાજાજી કે કૃપલાણી, મહર્ષિ ટંડનબાબુ કે ગણપતિ-શંકર વિદ્યાર્થી નીકળ્યા નથી.

આર્યસમાજનો દાવો છે કે સરકાર કરતાં બીજે નંબરે આર્યસમાજ શિક્ષણક્ષેત્રે કાર્ય કરે છે. છતાં તેમની

સંસ્થામાંથી પણ હજી સુધી એક પણ શ્રદ્ધાનંદ સ્વામી દેશને મળ્યા નથી.

આ શોષક અને હિંસક અર્થવ્યવસ્થા, આ પંચવર્ષીય યોજનાઓ, આ આર્થિક અને વેપારી નીતિઓ ખોટી છે, અવહેવારુ છે, રાષ્ટ્રઘાતક છે એવો બુલંદ સ્વર ગજાવનારો એક પણ વીરલો આ કારખાનાંઓમાંથી નીકળ્યો નથી.

નીકળ્યા છે, માત્ર હજારો પક્ષપલટુઓ, હજારો વિશ્વાસઘાતીઓ, ભ્રષ્ટાચારીઓ અને ગ્રીનકાર્ડ મેળવવાના ઉત્સુકો, આપણા જ ધર્મ, સંસ્કૃતિ અને સમાજ-વ્યવસ્થાના મૂળમાં ઘા મારનારા સિક્યુલરિસ્ટો.

જે રાજ્યમાં કેળવણીનું પ્રમાણ વધારે છે તે રાજ્ય બેકારીમાં પણ મોખરે છે. આ કેળવણી તમામને કામ આપી શકતી નથી, નોકરી પણ આપી શકતી નથી. તે સદાચાર, લોકાચાર અને કુલાચારને ભુલાવી ભ્રષ્ટાચાર અને પાપાચાર શીખવે છે.

જે કારખાનું ખોટ કરે તે બંધ કરવું જોઈએ, જે દુકાન ખોટ કરે તે દુકાન પણ બંધ કરવી જોઈએ એવો વેપારી નિયમ છે. પરંતુ આ એક દુઃખદ પરિસ્થિતિ છે કે વધુ ને વધુ નીચી કક્ષાનો માલ કાઢતી આવી ફેક્ટરીઓ વધુ ને વધુ સંખ્યામાં ખોલવા માટે દર વરસે સમાજના દરેક વર્ગના અને દરેક ક્ષેત્રના લોકો દોડધામ કરતા હોય છે. અને તે માટે ફંડ ભેગાં કરવા, સાંસ્કૃતિક કાર્યક્રમોના નામે સંસ્કૃતિનો ઉચ્છેદ કરનારા કાર્યક્રમો અથવા તો કથાઓ અને જ્ઞાનયજ્ઞોનાં સત્રોનાં આયોજન કરે છે.

આવા કાર્યક્રમોથી વિરુદ્ધ અનેક જૈન સાધુઓ અને મુનિ ભગવંતોનાં પ્રવચનો સાંભળીને હજારો યુવાનો સદાચારી, ચારિત્ર્યવાન, ધર્મપ્રેમી અને સંસ્કૃતિ-પ્રેમી બનતા જાય છે. ભોગવિલાસની લાલસાવિહીન બનતા જાય છે. છતાં લોકોને આવાં પ્રવચનો અને સાધુ-સંતો દ્વારા કેળવણી આપવાની યોજના વિચારવાને બદલે વધુ ને વધુ કૉલેજો અને હૉસ્ટેલો જોઈએ છે.

સહુથી વધુ દુઃખદ તો એ છે કે ધાર્મિક ટ્રસ્ટો, વિવિધ ધર્મના ધર્માચાર્યો અને કથાકારો પણ કૉલેજો અને હૉસ્પિટલો માટે ધાર્મિક પ્રવચનોની શિબિરો અને જ્ઞાનસત્રો યોજીને કરોડો રૂપિયાનાં ફંડો ભેગાં કરી આપે છે અને એ રીતે પોતાની શક્તિ અને પ્રજાના પૈસા વેડફી નાખે છે.

ઘણી વાર તો આવા જ્ઞાનસત્રની શિબિરની બાજુમાં જ જેમની જિંદગીની તમામ પ્રાથમિક જરૂરિયાતો પણ ઝૂંટવાઈ ગઈ છે એવાં નગ્ન, અર્ધભૂખ્યાં, આખા શરીરે ચામડીનાં દર્દનાં ચાઠાં પડી ગયેલાં એવાં સેંકડો બાળકો ધૂળમાં રગદોળાતાં હોય છે. તેઓ પણ ભારતની ભાવી પ્રજા છે એવો વિચાર પણ શિબિરમાં બેઠેલા જ્ઞાનીઓને કદી આવતો હશે ખરો ?

નિશાળમાં અમે કવિતા શીખતા. તેમાં નળ રાજાની કવિતામાં નીચેની લીટીઓ શીખ્યા હતા: 'તેને સૂઝે અવળું જ જેને દુર્દશા શિર પર ફરે.' હૉસ્પિટલો અને કૉલેજો માટે દર વરસે કરોડોના ફંડફાળા ભેગા કરવા

મથતા ધર્માચાર્યોની આ પ્રવૃત્તિ, દેશની દુર્દશા વધુ ઘેરી થતી હોવાની સૂચક તો નહિ હોય? કોઈ સંત મહંત, કોઈ જ્ઞાની, કોઈ સમજુ કેળવણીકાર આ પ્રજાની અસ્મિતા ખતમ કરતી કેળવણી સામે અવાજ ઉઠાવવાની હિંમત કરશે?

સમાજદર્શન

[૯]

સ્થળ—મુંબઈનું એક શ્રીમંત ગણાતું પરું.

લક્ષાધિપતિઓ અને કરોડપતિઓનાં રહેઠાણોની વચ્ચે એક ખાલી જગાનો ખાડો. તેમાં વરસાદનું પાણી ભરેલું છે. મચ્છરોનાં ઝુંડ ઊડે છે. ખાડાની ધાર ઉપર ઝૂંપડપટ્ટી બની ગઈ છે. રસ્તાની બાજુએ એક ઉકરડો છે. આજુબાજુ ઝૂંપડાવાસીઓ ઝાડો-પેશાબ કરે છે, તેની ગંદકી અને દુર્ગંધ છે.

સવારે સાત વાગ્યે ત્યાંથી પસાર થાઓ તો એક વરસથી ૭–૮ વરસની ઉંમર સુધીનાં ૭૦–૮૦ બાળકો તદ્દન નગ્ન હાલતમાં રસ્તાની ગંદી ધૂળમાં સૂતાં હોય છે. કોઈ કોઈ સ્ત્રી ઝૂંપડીના દરવાજા પાસે મેલા, ગંદા કાગળોના ડૂચાના ઢગલામાંથી નાનામોટા કાગળના કટકા, પ્લાસ્ટિકના ટુકડા, દૂધની શીશીઓનાં ઢાંકણાં વગેરે જુદાં પાડે છે.

આગલે દિવસે આખો દિવસ રસ્તામાં રખડીને સુકાયેલી ગટરોમાંથી, ઉકરડાઓમાંથી, ચાલીઓનાં કમ્પાઉન્ડમાંથી, ભાડૂતોની ગાળો ખાતાં ખાતાં વીણી

લાવેલ આ કચરો છૂટો પાડી કોઈ ફેક્ટરીવાળાને વેચી આવી કદાચ આજના દિવસ પૂરતું તે અનાજ ખરીદી શકશે.

એ અર્ધનગ્ન નારીઓને રસ્તા ઉપર કચરો વીણતી જોઈએ છીએ અને મેઘાણીનો પેલો બુલંદ સ્વર કાનમાં ગાજે છે કે—

**લથડી લથડી ડગલાં ભરતી**
**લાખો નાર ગલીગલીએ ફરતી**
**સારી રાત ભૂખે મજૂરી કરતી**
**'મારો બાળ પરોઢિયે જાગીને માગશે ભાત'**
**વિચારી એ દેહ દમે...**

સાત વાગી જાય છે અને તમામ ઊઠી જાય છે. તેમની પાસે દાતણ નથી, પેસ્ટ કે મંજન ખરીદવાના પૈસા નથી. સહુ આજુબાજુ રસ્તા ઉપર મળ-વિસર્જન કરી લે છે, પણ હાથ સાફ કરવા પાણી નથી. છોકરાઓ આજુબાજુના રસ્તા ઉપર અને પાસે આવેલ મંદિર પાસે ભીખ માગવા ગોઠવાઈ જાય છે.

પુરુષવર્ગમાંથી કોઈ સદ્ભાગીને નોકરી મળી છે. તે ઊઠીને તરત ચાલ્યા જાય છે અને ઑફિસના નળ-સંડાસ વાપરવાનો લહાવો લે છે. કોઈ દાણચોરી કે દારૂના ધંધામાં ગોઠવાઈ ગયા હશે. અતિવૃદ્ધ પણ લંગોટીભર મંદિર પાસે ભીખ માગવા બેસી જાય છે. અને પછી ફૂટપાથ ઉપર સૂઈ રહે છે. બાકીના આખો દિવસ જુગાર રમતા હોય છે.

મંદિર પાસે ઊભેલાં બાળકોને કોઈ દર્શનાર્થી પાંચ-દસ પૈસા આપે છે. તો વળી કોઈ વધુ સુખી

ગૃહસ્થ પાસેની હાટડીમાંથી પાંઉ કે બિસ્કિટ લઈને ખાવા આપે છે ત્યારે તો આ બાળકો માટે સોનાનો સૂરજ ઊગે છે.

કોઈ કોઈ વાર ઉકરડામાં આજુબાજુના બંગલામાંથી ફેંકાઈ ગયેલા એંઠવાડમાંથી પણ આ બાળકો રોટલીના ટુકડા કે શાકના લચકા વીણી વીણીને ખાઈ લેતાં હોય છે. તો કોઈ વખત એકાદ-બે ગાય ત્યાં આવી ચડે ત્યારે તેની ઉપર ચોકી કર્યા કરે છે કારણ કે કોઈ ને કોઈ બંગલામાંથી કોઈ તો આ ગાયોને ગોગ્રાસ આપવા આવશે જ તેની તેમને ખાતરી છે. અને જેવું કોઈ આવે અને ગાયના મોઢા પાસે ગોગ્રાસ મૂકે કે તરત આ છોકરાંઓ દોડીને ગાયના મોંમાંથી રોટલી ખેંચી લઈને પોતે ખાવા લાગે છે.

નાહવું જોઈએ, દાતણ કરવું જોઈએ તેની એમને જન્મથી જ ખબર નથી. સ્ત્રી-પુરુષ-બાળક તમામનાં શરીર ગંધાતાં હોય છે. પણ હવે તે તેમને કોઠે પડી ગયાં છે. સ્ત્રીઓ રસ્તા ઉપર જ ત્રણ પથરા મૂકી ચૂલા બનાવી તેના ઉપર ભાત રાંધી લે છે. તે બધાં ભાગે પડતાં ખાઈ લે છે.

આજુબાજુના બંગલાવાળા ફરિયાદ કરે છે કે આ લોકો અહીં ગંદકી કરે છે. જુગાર રમે છે.

જુગાર ન રમે તો ભલા શું કરે? તેઓ ભણેલા નથી. કોઈ વાંચી જાણતું હોય તોપણ, ચોપડી કે છાપું ખરીદવા તેમની પાસે પૈસા નથી. તેમની આધ્યાત્મિક વૃત્તિ કોઈએ ઢંઢોળી હોત તો તેઓ ભજન-કીર્તનમાં

પણ સમય ગાળત. કામધંધો તેમને મળતો નથી. પછી સમય વિતાવવા જુગાર સિવાય તેમની પાસે શું સાધન છે?

અહીંથી રોજ મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ મોટરમાં પસાર થાય છે. કેળવણીકારો, સાહિત્યકારો, સમાજવાદીઓ, સામ્યવાદીઓ, 'ગરીબી હટાવ'નો ઝંડો લઈને ફરનારા પસાર થાય છે. મ્યુનિસિપાલિટીના ઑફિસરો પણ પસાર થાય છે. કોઈને આ માનવ-ભંગારના ગંજ તરફ નજર કરવાની પણ ફુરસદ નથી.

એક વખત કોઈએ મ્યુનિસિપાલિટીને અહીં વધી રહેલી ગંદકી વિષે ફરિયાદ કરી. થોડા દિવસમાં ફરિયાદીને ટેલિફોનથી સંદેશો મળ્યો કે અમે ૧૦–૧૫ જણા તપાસ કરવા આવીએ છીએ. અમારા માટે ચાપાણીનો બંદોબસ્ત રાખજો.

પછી ૧૦–૧૫ને બદલે ૨૦–૨૫નું ટોળું આવ્યું. ઑફિસરો, કૉર્પોરેટરો અને કારકુનોએ ફરિયાદીના ઘેર ચાપાણી-નાસ્તાને ઇન્સાફ આપીને ફરિયાદીને ઉપકૃત બનાવ્યા. રસ્તા ઉપર લટાર મારી, પેલા માનવભંગારોને ચેતવણી આપી કે તમારે અહીં ગંદકી ન કરવી.

આવેલા આ જડભરતોને ક્યાં ખબર હતી કે આ તો જેમના માટે પાંચ પાંચ પંચવર્ષીય યોજનાઓ ઘડાઈ છે, તેમાંથી આ યોજનાઓમાં બિનઉપયોગી એવા માનવભંગારોનો આ ગંજ છે.

ખરેખર આ તમામ માનવીઓને તેમના ગામમાં તેમનાં ગારમાટીનાં રહેઠાણો હશે. તેમના બાપદાદાના પેઢી દર પેઢીના લુહાર, સુતાર, કુંભાર, દરજી, મોચીના

ધંધા હશે. આ તમામ ધંધાઓ ઉપર પંચવર્ષીય યોજનાઓ રૂપી બુલડોઝર ફરી વળ્યું હશે અને તેઓ અહીં ફેંકાઈ ગયા છે.

તેમનાં ૮૦ ટકા બાળકો રિકેટ અને ચામડીનાં દરદો કે પેટનાં દરદોથી પીડાતાં હોય છે. આવા દરદીઓ માટે લખપતિઓ દંતયજ્ઞો-નેત્રયજ્ઞો ગોઠવે છે. મફત ચિકિત્સાકેન્દ્રો ખોલે છે કારણ કે તેથી તેમની છાપામાં નામના થાય છે. આપેલ દાનની રકમ ઇન્કમ ટૅક્સમાં મજરે મળે છે. (રુશવતખોરીએ આજે દાનના ક્ષેત્રને છોડયું નથી. ઇન્કમ ટૅક્સમાં રકમ મજરે મળવાની લાંચ આપીને દાન લેવાય છે. આ છે પાશ્ચાત્ય પદ્ધતિનાં દાન!)

તેઓ માનપૂર્વક માનવી તરીકે જીવી શકે તે માટે યોજના કરવા પૈસા ખરચવા કોઈને હૈયે રામ વસતા નથી કે જીવનસંઘર્ષ ખેલી રહેલા આ માનવીઓનો હાથ ઝાલે. એકલા-અટૂલા, સમાજમાંથી ફેંકાઈ ગયેલા આ લોકો દારુણ જીવનસંઘર્ષ ખેલી રહ્યા છે. તેઓ લગ્ન કરે છે, લીલાં પાદડાંનાં તોરણો બાંધી ઝૂંપડીઓ શણગારે છે. ઢોલ-શરણાઈ વગાડે છે. ગીત ગાય છે. નૃત્ય કરે છે અને નાળિયેરનાં પાન વીણી લાવીને ગૂંથણી કરી ઝૂંપડીઓને ઠીક કરવા મહેનત કરે છે. એક દિવસ એવો આવશે જ્યારે આ લોકોનું ખમીર તૂટી ગયું હશે. અને ત્યારે તક જોઈને બેઠેલા ખ્રિસ્તી મિશનરીઓ તેમની વચ્ચે ધસી જશે અને તેમને સામ-દામ-ભેદ વડે ખ્રિસ્તી બનાવી દેશે.

ચંદ બારોટના પુત્રે લડાઈમાં હારી રહેલા પૃથ્વી-રાજને કહ્યું હતું કે 'દિન પલટચો પલટી ઘડી'. શું આ વાત હિંદુ સમાજને પણ લાગુ પડશે ?

પંચવર્ષીય યોજનાઓએ મનુષ્યોને જ નહિ માનવતાને પણ મરણપથારીએ પછાડી છે એમ નથી લાગતું ?

પણ ઝૂંપડપટ્ટીઓની દુનિયામાં આ તો આપણે ઊંચી કક્ષાનો વિસ્તાર જોયો. ચાલો જરા વધુ નીચા વિસ્તારમાં જઈએ. જ્યાં દર ત્રણ મિનિટે બેથી ત્રણ હજાર પ્રવાસીઓ રેલવેમાં પ્રવાસ કરે છે, તેની સમાંતરે લોકોનાં મળમૂત્રથી, ગંધાતાં કારખાનાંઓના ઝેરી પાણીથી ભરેલી ગટરની ધાર ઉપર ઝૂંપડપટ્ટી વિસ્તરી છે.

આમાં વસનારાઓના પૂર્વજો એકાદ સૈકા પહેલાં કદાચ સ્વચ્છ નિર્મળ પાણી વહી જતી નદીઓના કિનારે પોતાનાં વડીલોપાર્જિત રહેઠાણોમાં રહેતા હશે અને પોતાના વડીલો પાસેથી મળેલા વારસાગત ધંધા વડે પોતાના કુટુંબનું ગુજરાન કરતાં શાંતિથી જીવન વિતાવ્યું હશે.

સ્વાધીન ભારતના મિશ્ર અર્થતંત્રે આપેલા આંચકાથી સુખી પૂર્વજોનાં આ દુર્ભાગી સંતાનો પવિત્ર નદી-કિનારેથી આ ગંધાતી ગટરની ધાર ઉપર આવી પડ્યા છે.

ઝૂંપડપટ્ટીઓમાં નળ, સંડાસ અને બત્તીની જરૂર હોય એવા જ્ઞાનની રોશની વહીવટ કરનારાઓના મગજમાં દાખલ થઈ શકતી નથી. કારણ કે સત્તા મેળવવા ખુરશીયુદ્ધ ખેલવા માટે નાણાં મેળવવા ઉદ્યોગ-પતિઓની મહેરબાની કેમ મેળવવી તેની મૂંઝવણ અને

સમાજવાદી સમાજરચનાનાં ગાણાં ગાવામાં જ તેમનું ચિત્ત ચોંટેલું હોય છે.

અહીં આ લોકોએ પાણીની સગવડ જાતે કરી લીધી છે. ગટરથી થોડે દૂર હેઠવાસમાં વીરડા બનાવ્યા છે. ગટરનું પાણી જમીનમાંથી ઝમીને આ વીરડાઓમાં આવે છે અને આ ઝૂંપડાવાસીઓને નાહવાધોવાનું સદ્ભાગ્ય મળે છે. તેમને પીવા માટે પાણીની શી સગવડ હશે તે તો રામ જાણે.

લોકોને પીવા માટે અને સિંચાઈ માટે પાણી મળે તે માટે આશરે ૭૭ અબજ રૂપિયા સરકારે ખરચ્યા છે. અને એ રૂપિયા પ્રજા ઉપર ભારે કરવેરા ઝીંકીને વસૂલ પણ કર્યા છે. આ યોજનાઓ ઘડનારા, તેમને મંજૂર કરનારા, તેમનો અમલ કરનારા મોટા બંગલાઓમાં રહે છે. તેમના બંગલાઓમાં કદાચ તેમના કૂતરાઓ માટે પણ સ્નાનગૃહ હશે. તેમના બંગલાની વિશાળ લૉનો ઉપર પાણીના ફુવારા ઊડતા હશે.

પરંતુ જેમના નામે ૭૭ અબજ રૂપિયા ખરચાયા છે, તેમાંના ઘણાઓ માટે તો ગટરમાંથી ગળાઈને આવતાં વીરડાનાં પાણી જ હોય એમ નથી લાગતું ?

સમાજવાદ સંપત્તિમાં નથી આવ્યો, પણ ભૂખમરામાં, પાણીની અછતમાં અને લોકોની યાતનાઓમાં જરૂર આવ્યો છે.

અને હવે એક જુદી જ જાતનું દૃશ્ય જોઈએ, જયાં પાણીપતમાં સામસામા ગોઠવાઈ ગયેલા મરાઠા અને

અફઘાનોનાં લશ્કરોની જેમ ઝૂંપડપટ્ટી અને આલીશાન બંગલાઓ સામસામે ગોઠવાઈ ગયેલાં છે.

એક બાજુ વિશાળકાય કૉલેજોમાં હજારો વિદ્યાર્થીઓ આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ વગેરે વિવિધ વિષયો ભણે છે. પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રીઓ, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ, ઇતિહાસજ્ઞો અને વિવિધ વિષયોના નિષ્ણાત પ્રોફેસરો અહીં કૉલેજોમાં ભારતની ભાવિ પેઢીનું પશ્ચીમીકરણ કર્યા કરે છે.

કૉલેજોની બાજુમાં જ વિશાળકાય બંગલાઓની હારમાળા છે. થોડાં જ વરસ પહેલાં ૮થી ૧૦ રૂપિયે વાર લેખે વેચાયેલી આ જમીનનો ભાવ અત્યારે ૮૦૦ રૂપિયે વાર જેવો ગણાય છે. જેમણે આઠ દશ હજાર રૂપિયા જગામાં રોકયા હતા, તેઓ આઠ દશ લાખના માલિક બની ગયા છે. એ બંગલાઓમાં વસનાર પોતાની વેપારી બુદ્ધિ અને દીર્ઘદૃષ્ટિ માટે જરૂર મગરૂર હશે.

મુંબઈમાં સહુથી સમૃદ્ધ વિસ્તારોની સામે હરીફાઈમાં ઊતરેલા અને પ્રથમ આવવા મથતા આ વિભાગની સામે જ ઝૂંપડપટ્ટીઓની કતારો પથરાઈ ગઈ છે. આ અર્ધભૂખ્યાં, અર્ધનગ્ન સ્ત્રીપુરુષો અને બાળકોની કતારો સામે જોવાની પણ પેલા ભાગ્યશાળીઓને તો ફુરસદ નથી. પણ પેલા વિદ્યાર્થીઓને અને પ્રોફેસરોને પણ ફુરસદ નથી.

ધરતીને પટે પગલે પગલે,
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે,—

મેઘાણીનો આ બુલંદ અવાજ આજના વિદ્યાર્થીઓએ તો નથી સાંભળ્યો, પણ કૉલેજના પ્રોફેસરો પણ એનાથી અજાણ હશે ?

મુંબઈના ખુરશીયુદ્ધના ખેલાડી હાકેમો એક તરફથી 'Clean Bomhay Green Bombay'ના નારા ગજવે છે ત્યારે જ આ સમૃદ્ધિની શરતમાં ઊતરેલા બંગલાઓની આસપાસ સમાજે ઉવેખેલા આદમીઓનો ઘેરો ગોઠવાતો જાય છે.

૧૦મી સદીમાં ભારતની પશ્ચિમ સરહદો ઉપર ઇસ્લામનો ઘેરો ગોઠવાતો હતો ત્યારે આપણે ન ચેત્યા. ૧૫મી સદીમાં અરબી સમુદ્રમાં વ્યૂહાત્મક ઘેરો ગોઠવાતો હતો ત્યારે પણ ન ચેત્યા અને એનાં દુષ્પરિણામો સદીઓ સુધી ભોગવ્યાં.

હવે મોટાં શહેરોમાં ચારે બાજુ ઉવેખાઈ ગયેલાં પ્રજાજનોનો ઘેરો ગોઠવાતો જાય છે અને એક દિવસ જ્યારે એ ઘેરાની વચ્ચેથી બુલંદ સૂર સંભળાશે કે—

ઊઠો કદરૂપ! પ્રેતસૃષ્ટિના રાજવી!
ફરી એક વાર ભાંગ ઘૂંટો :
ભૂરિયાં લટૂરિયાંની આંધીઓ ઉરાડતા
હુહુકાર સ્વરે, કાળ ઊઠો !—
ઓતરાદા વાયરા, ઊઠો !—
ઘોર વિપ્લવના ઢોલડા ધડૂકો !—
ઓતરાદા વાયરા, ઊઠો !—

ત્યારે એનાં પરિણામ કેવાં હશે ?

પોતાના સદ્ભાગ્યમાં રાચનારાઓને તો નહિ સૂઝે પણ પેલી કૉલેજોના સેંકડો પ્રોફેસરો અને હજારો

વિદ્યાર્થીઓમાંથી કોઈને તો આમાં આવી રહેલા ભાવિનાં એંધાણ પારખવાની સૂઝ હશે ખરી?

સૂઝ હોય કે ન હોય પણ પંચવર્ષીય યોજનાઓનું કાળચક્ર તો ગામડાંઓ ઉપર વધુ ને વધુ ઘુમરડીઓ લેતું જાય છે અને ગ્રામવાસીઓનો પ્રવાહ શહેરોમાં રોજીરોટી મેળવવા ચાલ્યો જ આવે છે.

રોજીરોટીની વાત તો પછી, પ્રથમ ક્યાંય બેસવા માટે ઓટલો તો જોઈએ ને? મુંબઈમાં હવે ઓટલા રહ્યા નથી. ૬૦–૭૦ વરસ પહેલાં મકાન બાંધનારાઓએ ૨૦–૩૦ ફૂટના ઓટલા રાખ્યા હતા. લોકોને થાક ખાવા બેસવા કામ લાગે, સારામાઠા પ્રસંગોએ ઉપયોગમાં આવે માટે.

એ બાંધનારા ગયા. એમના વારસદારોને એ ઓટલા આશીર્વાદરૂપ નીવડ્યા. ૨૫–૫૦ હજાર રૂપિયા પાઘડી લઈને દુકાનદારોને આપી દીધા. મકાન બાંધવાનો ખરચ થયો હશે તેના કરતાં ઘણાને ઓટલાની કિંમત વધારે ઊપજી.

બહારથી આવનારાઓનો પ્રશ્ન વિકટ છે. ખાલી મેદાનો, ફૂટપાથો, ગટરની ધારો.... તમામ ગામડાંઓના હિજરતીઓથી ભરાઈ ગયાં છે. છતાં આવનારાઓનો પ્રવાહ વણથંભ્યો હજી ચાલ્યો આવે છે.

હવે તેઓ રેલવે લાઇનની બન્ને બાજુએ ગોઠવાતા જાય છે. કોઈ તદ્દન ખુલ્લામાં, તો કોઈ વળી ફાટેલાં કંતાનના ટુકડા, ભાંગેલા કરંડિયા અને કટાઈ ગયેલાં પતરાંના ટુકડાની આડશ બાંધી લે છે.

પંચવર્ષીય યોજનાઓના ઢાંચામાં ન સમાઈ શકેલા આ માનવીઓને વળી કોઈ જાતની સગવડ આપવાની જરૂર ખરી? એ તો ચૂંટણી આવશે ત્યારે પાંચ વરસે એક વાર અમારા રાજદ્વારી પુરુષો જઈને વચન આપી આવશે કે અમને મત આપજો. અમે તમારા માટે મકાન, પાણી, બત્તી વગેરે તમામ સગવડ કરી આપશું. અને હમણાં રાખો આ પાંચ રૂપિયા, તમને કામ લાગશે. કદાચ એકાદું કપડું પણ આપી આવશે.

અને ચૂંટાયા પછી તો એમ કહેવામાં શરમ જ ક્યાં છે કે ચૂંટણીનાં વચનો તો આપવાનાં હોય; પાળવાનાં ન હોય. એ તો એમના આદ્યગુરુ લોર્ડ ક્લાઇવે પણ અમીચંદ શેઠને ક્યાં નહોતું કહ્યું કે એ કરાર તો પીળા પાના ઉપર લખ્યા છે, પીળા પાના ઉપર લખેલા કરાર પાળવાના ન હોય? સફેદ કાગળ ઉપર લખ્યા હોય તે જ કરારો પળાય.

તો પછી આ તો મોઢાનાં વચનો હતાં. કદાચ તેઓ એમ પણ કહી દે, અમે વચન આપ્યું જ નથી. તમે ખોટું સમજ્યા હશો. ખેર, એ તો દરેક ચૂંટણીમાં એમ જ ચાલે છે અને ચાલ્યા કરશે; જ્યાં સુધી આપણે મિશ્ર અર્થતંત્રના રૉકેટ ઉપર બેઠા હોઈશું ત્યાં સુધી.

એ ખરું કે ચોવીસે કલાક દોડતી આ ટ્રેનોને કારણે ઊડતી ધૂળથી તેમની આંખો બગડે. ચોવીસે કલાકના રેલવેના ગડગડાટ અને એન્જિનોની ચીસોથી તેમના કાનના પડદાને નુકસાન પણ થાય. તેમનાં જ્ઞાન-તંતુઓ ભાંગી પડે. કદાચ કોઈ વાર તેમનાં નાનાં ભૂલકાં

પાટા પાસે રમતાં રમતાં રેલવે નીચે કપાઈ પણ જાય !

મેલ ટ્રેનો કોઈવાર ત્યાં અટકીને ઊભે ત્યારે ઉતારુઓએ નાસ્તો કરીને ફેંકેલા કાગળો ચાટીને આ બાળકો રાજી થતાં હશે, તો ગંદી ધૂળમાં પડ્યા રહેવાથી ચામડીના રોગોથી પણ પીડાતાં હશે.

પણ આવા લોકો માંદા ન પડે તો આલીશાન હૉસ્પિટલો બાંધવાનો અર્થ શું છે? હૉસ્પિટલો બંધાય પછી એ ભરાયેલી ન રહે તો બીજી નવી હૉસ્પિટલો કેમ બંધાય ? એ ન બંધાય તો લોકો પાસેથી હૉસ્પિટલો માટે માતબર રકમોના ફંડફાળા કેવી રીતે ઉઘરાવાય ? અને અમારા બિચારા કથાકારો કોના ફંડફાળાઓ માટે કથાઓનાં ભવ્ય આયોજનો કરશે ?

અને હૉસ્પિટલો ન બંધાય તો પછી બિચારા ફાર્મસીવાળાઓનું શું ? લાખો કરોડો રૂપિયા ખરચીને દવાઓ બનાવે અને લોકો માંદા જ ન પડે તો આ કીમતી દવાઓનો ઉપયોગ કેમ થાય ? તો તો ફાર્મસીઓની ફૅક્ટરીઓ બંધ જ કરવી પડે ને ? અને તો પછી બેકારી કેટલી વધી જાય ?

આમ રાષ્ટ્રનો સમગ્ર રીતે વિચાર કરતાં ફાર્મસીઓ, ડૉક્ટરો, નર્સો, વૉર્ડબૉયો, કથાકારો વિવિધ યજ્ઞોના આયોજકો, દાતાઓ, હૉસ્પિટલોનાં આલીશાન મકાન બાંધનારા આર્કિટેક્ટો, ઇજનેરો વગેરે અનેક ક્ષેત્રો, ધંધાઓ અને વ્યક્તિઓનાં ઘનિષ્ઠ હિતો જોતાં, વધી રહેલી આવી વિવિધ ઝૂંપડપટ્ટીઓ અને તેમાં ઊભરાતાં માનવકંકાલોના સમૂહો વધતા જ જાય એ રાષ્ટ્રહિતમાં નથી ? •

પંચવર્ષીય યોજનાઓના ઢાંચામાં ભલે એ લોકો ન ગોઠવાઈ શકયા હોય છતાં બીજી રીતે આવું જીવન જીવીને માંદા પડે તો એ પણ એક જાતની રાષ્ટ્રસેવા જ કરે છે ને?

અને જો આવા માણસોની કતારો દિન પર દિન વધ્યા જ ન કરે તો અમારા રાજપુરુષો ગરીબી કોની હઠાવશે? સેવા કોની કરશે? ઉપલો વર્ગ ચૂંટણીમાં ઉદાસીન હશે તો ચૂંટણીમાં મત આપવા કોણ આવશે?

અને આવા લોકો લાખો-કરોડોની સંખ્યામાં નહિ હોય તો તેમનામાં વહેંચવા માટે ચૂંટણી ઉમેદવારોને પરદેશી સત્તાઓ પૈસા પણ કેમ આપશે?

અને તો જ એક દિવસ ભારતનું આકાશ ગુંજી ઊઠશે નીચેના નાદથી—

**અમે ખેતરેથી, વાડીઓથી,**
**જંગલ ને ઝાડીઓથી,**
**સાગરથી, ગિરિવરથી**
**સુણી સાદ આવ્યાં**
**અમે જુગજુગ કેરાં કંગાલ**
**ભાંગી નરકોનાં દ્વાર,**
**દેતાં ડગ એક તાલ,**
**ધરતી પર આવ્યાં**
**દેખ દેખ, ઓ રે અંધ!**
**કાળ-સૈન્ય આવ્યાં.**

**સમાજદર્શન**

[૧૦]

નડિયાદના પ્રખ્યાત દેસાઈ કુટુંબના હરિદાસ વિહારીદાસ દેસાઈ જૂનાગઢના દીવાન. જૂનાગઢના રાજ-મહેલમાં આજે આનંદ આનંદ પ્રવર્તે છે, કારણ કે

જૂનાગઢ અને માંગરોળ રાજ્ય વચ્ચેની સરહદનો વર્ષો જૂનો ઝઘડો એજન્સીની કોર્ટમાં દીવાન હરિદાસ વિહારીદાસ જીતી આવ્યા છે.

હર્ષોન્મત્ત થયેલા નવાબ સાહેબ હરિદાસજી પાસે બે લાખ કોરીનો થાળ મૂકે છે. કહે છે, 'દીવાન સાહેબ, આજની ખુશીમાં આજે આ આપને ઇનામ આપું છું. તે સ્વીકારો.'

'શાનું ઇનામ?' હરિદાસજીએ પૂછયું.

'તમે કેસ જીતી આવીને આ રાજની મોટી સેવા કરી છે. તેની ખુશાલીમાં આ ઇનામ તમને આપું છું.' નવાબ સાહેબે જવાબ આપ્યો.

'નવાબ સાહેબ!' હરિદાસજીએ જવાબ આપ્યો. 'હું આ રાજ્યનો દીવાન છું. એટલે ચોવીસે કલાકનો નોકર છું.... માટે મેં માત્ર મારી ફરજ બજાવી છે, માટે એ ઇનામ હું સ્વીકારી શકતો નથી.'

'પણ હું જૂનાગઢનો નવાબ. ઇનામમાં આપેલી રકમ પાછી લઈ શકું નહિ. તમારે એ સ્વીકારવી જ પડશે.' નવાબે આગ્રહ કર્યો.

પણ હરિદાસજીએ એ સ્વીકારવા ના પાડી. કહ્યું કે 'નવાબ સાહેબ! કેસનું સંચાલન એ મારી ફરજની અંદર સમાઈ જતું કાર્ય હતું. એની કિંમત હું સ્વીકારી શકું નહિ.'

બન્ને વિવાદે ચડયા. એક તરફ સિદ્ધાંત, બીજી તરફ રાજહઠ. આખરે મહાજન વચ્ચે પડયું. તેણે ફેંસલો આપ્યો કે નવાબ સાહેબનું વચન પાછું ન ફરે.

માટે હરિદાસજીએ એ રકમ સ્વીકારવી અને તેમની ટેક ન જાય માટે તેમણે તે રકમ અંગત ઉપયોગમાં ન લેતાં પ્રજાકલ્યાણ અર્થે વાપરવી.

વિવાદ શમી ગયો. હરિદાસજીએ બે લાખ કોરીના થાળને સ્વીકારવાના ચિહ્ન તરીકે હાથ લગાડી તે મહાજનને સોંપી કહ્યું કે 'ગિરનાર પર્વત ઉપર ચડતાં યાત્રાળુઓને બહુ હરકત પડે છે. માટે તેના ઉપર આ પૈસામાંથી પગથિયાં બંધાવો. પૈસા વધે તો મને નહિ આપતા. બધા વાપરી નાખજો.' તરત નવાબ સાહેબ બોલ્યા, 'અને જો પૈસા ઓછા પડે તો કામ અધૂરું નહિ મૂકતા. મારા ખજાનામાંથી મંગાવી લઈને કામ પૂરું કરજો અને પગથિયાના દ્વાર ઉપર દીવાન હરિદાસના નામનો મોટો શિલાલેખ મૂકજો.'

એ જ હરિદાસજીની ચોથી કે પાંચમી પેઢીએ એક દેસાઈ બી.એ. એલએલ.બી. વકીલ છે. હાઈકોર્ટ પાસે ઑફિસ ખોલી. થોડા જ દિવસમાં ઑફિસ ખાલી કરીને ઘેર આવ્યા. પિતાને કહ્યું, 'પિતાજી ! મારાથી વકીલાત નહિ થાય.' પિતાએ કારણ પૂછ્યું તો કહે, 'આ ધંધો અસત્ય ઉપર ચાલે છે. ખોટું બોલવું, ખોટાં નિવેદનો કરવાં, ખોટા આક્ષેપો કરવા. સાચું બોલો તો સાચો કેસ પણ કદાચ હારી જાઓ. માટે અસત્યથી ચાલતો ધંધો મારે નથી કરવો.' પણ હવે તો આવા વિરલા અપવાદ રૂપ જ જોવા મળે છે.

આજે તો વકીલો પોતે પગારદાર જુઠ્ઠા સાથીઓ રાખે છે. ગુંડાઓને આશ્રય આપે છે. પેલા તૈયાર કરેલા

જુઠ્ઠા સાક્ષીઓ દ્વારા ગુનેગાર અસીલોને છોડાવી લે છે. સામા પક્ષને હેરાન કરવા કેસ પાછો ખેંચાવી લેવા, ગુંડાઓ દ્વારા મારફાડ પણ કરાવે છે.

તો બીજી તરફ અમને તમારી સેવા કરવાની તક આપો.... કહીને મતની ભીખ માગી જનારાઓ ચૂંટાઈને અનેક જાતની સગવડો મેળવે છે. પ્રજાહિતના સવાલો પૂછવા માટે અથવા સરકારની ધારેલી નીતિનો તાગ મેળવી આપવા માટે લાગતીવળગતી વ્યક્તિઓ કે સંસ્થાઓ પાસેથી હજારો-લાખો રૂપિયા મહેનતાણું પણ લે છે. સરકાર તરફથી જુદી જુદી કમિટીઓમાં નિમણૂક પામીને તેના પુરસ્કાર રૂપે પણ હજારો રૂપિયા, ઍરોપ્લેન ભાડાં, હોટેલોના ખરચા, રહેઠાણો, તાર, ટપાલ, ટેલિફોન, પાણી, વીજળીનાં બિલ વગેરે વિવિધ સગવડો મેળવે છે અને છતાં પોતાના માસિક પગારોમાં વધારો કરવાની માગણી કરે છે.

વિચિત્રતા તો એ છે કે આ પોતાના પગાર વધારાની મંજૂરી તેમણે પોતાની પાસેથી જ મેળવવાની હોય છે. હવે પાંચ વરસે નિવૃત્ત થાય પછી પેન્શનની પણ માગણી કરે છે. કદાચ ભવિષ્યમાં તેઓ સરકારી ગ્રોસ આવક ઉપર પચીસ ટકા બોનસ માગે તોપણ આપણે સહેજે નવાઈ પામશું નહિ.

કારણ કે આ બધો ફાલ આજની કેળવણીક્ષેત્રે ચાલતી કૉલેજોનો છે. અને બોનસની માગણી મંજૂર કરવાની સત્તા પણ તેમના જ હાથમાં હશે.

એક બ્રાહ્મણ જ્ઞાતિમાં સમૂહ યજ્ઞોપવીતનો પ્રસંગ યોજાયો હતો. ૨૦–૨૫ બટુકો હારબંધ ગોઠવાઈને બેસી ગયા છે. ૧૦–૧૨ બ્રાહ્મણો વેદોચ્ચાર કરે છે. જ્ઞાતિજનોથી ચોક ખીચોખીચ ભરાઈ ગયો છે.

તે પ્રસંગે ત્યાંની પ્રદેશ કોંગ્રેસના પ્રમુખને અતિથિવિશેષ તરીકે હાજરી આપવા આમંત્રણ આપ્યું હશે તે આવી ચડયા.

વેદોચ્ચાર અટકી પડયા. યજ્ઞોપવીતવિધિ અટકી ગઈ. સહુ કોઈ આ નેતાજીની સરભરામાં દોડાદોડી કરવા લાગ્યા. કપાળે તિલક કર્યું, ફૂલનો મોટો હાર પહેરાવ્યો; ફળ અને કેસરિયા દૂધનું નૈવેદ્ય ધર્યું. તેમની પાસે જઈ હાથ જોડીને નમન કરી આવવાની ચડસા-ચડસી થઈ.

અપવાદ રૂપ એક વ્યક્તિ શાંતિથી મંડપમાં ટાંગવામાં આવેલી દેવદેવીઓની છબીઓ જોતી બેસી રહી. પેલા નેતાજીની સામે પણ જોવાની દરકાર ન કરી. નેતાજી થોડી વાર બેસી ઉપસ્થિતોને ઉપકૃત કરી ચાલ્યા ગયા.

થોડાક જુવાનિયા પેલા બેસી રહેલ ભાઈ પાસે ગયા અને પૂછયું, 'મુરબ્બી! તમે કેમ આવેલ અતિથિને માન આપવા ન ઊઠયા?'

'મને તેનું મોં જોવા કરતાં આ દેવદેવીઓની છબીનાં દર્શન કરવામાં વધારે રસ પડયો.' પેલા ભાઈએ શાંતિથી જવાબ આપ્યો. અને સામે પૂછયું કે, 'આ પ્રસંગે

તેમને બોલાવ્યા એ તમે યોગ્ય કર્યું છે?'

'કેમ?' પેલા જુવાનોએ પૂછ્યું.

'આ ધર્મકાર્ય છે. આ પ્રસંગે તો શ્રી શંકરાચાર્ય, કોઈ સંતમહંત, કોઈ પણ ધર્મસંપ્રદાયના આચાર્યને બટુકોને આશીર્વાદ આપવા બોલાવવા જોઈએ.

'આ એક પવિત્ર કાર્ય છે. ભ્રષ્ટાચારી રાજપુરુષોને તેમાં બોલાવી આપણે આપણા પવિત્ર કાર્યને અભડાવીએ છીએ.

'વિચાર તો કરો. આપણે બ્રાહ્મણો. જે ઋષિઓએ સિકંદર જેવાના આમંત્રણને પણ ઠુકરાવી દીધું તેના વંશજો. આપણે જો આવા ભ્રષ્ટાચારીઓનાં સન્માન કરશું તો સમાજની અધોગતિ કોણ અટકાવશે?

'જે ખરચ તમે આને સન્માનવામાં કર્યો તેટલા રૂપિયામાં તો તમે ઉકરડાઓમાં ખાવાનું શોધતા, ઝૂંપડપટ્ટીઓમાં ધૂળમાં રગદોળાતા કેટલાય ભાવિ નાગરિકોને જમાડી શક્યા હોત.

'તમને કદાચ આજે મારી વાત નહિ ગમે, પણ જો ભ્રષ્ટાચારીઓને સન્માનવાની આદત નહિ છોડો તો તમારાં બાળકો પણ કદાચ આવતાં વરસોમાં એ ઝૂંપડપટ્ટીઓમાં જ આળોટતાં હશે.

'આવા પ્રસંગોમાં ધર્માચાર્યોને, સંતમહંતોને બોલાવી તેમના આશીર્વાદ લેશો તો ભાવિ પ્રજામાં એવા સંસ્કાર આવશે. પણ જો ભ્રષ્ટાચારીઓને સન્માનશો તો નાના યુવકોને એવી છાપ પડશે કે ભ્રષ્ટાચારી રાજપુરુષો જ પૂજવા યોગ્ય છે.

'આવી પ્રથા રાષ્ટ્રની અસ્મિતાને હણી નાખશે. આ પ્રથા એ અવિવેકનો અતિરેક છે.

'વિવેકભ્રષ્ટાનામ્ ભવતિ વિનિપાતઃ શતમુખઃ' આપણે વિવેક ચૂકયા છીએ માટે જ રાષ્ટ્રનું શતમુખ પતન થઈ રહ્યું છે.

'આ અધઃપતન અટકાવવું હોય તો તેના પ્રથમ પ્રયાસ રૂપે સંતમહંતોના આશીર્વાદ માગો. અને ધન-લોલુપ, સત્તાલાલચુ ભ્રષ્ટાચારીઓની અવહેલનાઓ કરો.'

સમાજદર્શન

[૧૨]

કચ્છના પુરાતન શહેર અંજારને ઉગમણે પાદર કોઈ વાર સમય મળે તો ઉષાનાં અજવાળાં પથરાય તે પહેલાં વહેલી સવારે પહોંચી જજો. ઝાંખા અંધારામાં તમને સેંકડો સ્ત્રીઓ દોડતી જતી દેખાશે. કેમ જાણે કોઈ તોફાન ફાટી નીકળ્યું હોય અને જાન બચાવવા નાસતી હોય એવું લાગે.

શા માટે આ સ્ત્રીઓ અત્યારે વહેલી સવારમાં આમ દોડતી હશે? તેમને ગાંધીધામ જતી બસ પકડવી હોય છે. ગાંધીધામ પહોંચીને પછી ત્યાંથી કંડલા જતી બસ પકડવી હોય છે અને કંડલામાં સમયસર કામે ચડી જવું હોય છે.

આમ તો આ બધી સ્ત્રીઓ અંજારની નથી, આજુ-બાજુનાં ગામડાંઓની છે. રોજીની શોધમાં અંજારને પાદરે પડાવ નાખીને રહી છે. ગામડાંઓ ઉપર એક તરફથી

પંચવર્ષીય યોજનાઓનું બુલડોઝર ફરી વળ્યું છે. બીજી તરફથી કુદરત વારંવાર કોપે છે. એટલે ઉપરાછાપરી દુકાળો લોકોની ખેતી અને પશુધનને ભરખી જાય છે. અને મોટા યાંત્રિક ઉદ્યોગો મહત્ત્વના ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગોને નામશેષ કરી રહ્યા છે. એટલે ગામડાંના લોકો રોજીરોટી મેળવવા પોતાનાં સેંકડો વરસ જૂનાં રહેઠાણો છોડીને શહેરોમાં હિજરત કરે છે. પણ તમામ શહેરમાં કારખાનાં હોતાં નથી કે તેમને રોજી મળે. પણ શહેરો માટે એ હિજરતીઓ પાણી, રહેઠાણ, સ્વચ્છતા અને સલામતીની સમસ્યા પેદા કરે છે.

અંજારમાં રોજી ન મળવાથી આ સ્ત્રીઓ માઈલો દૂર કંડલા પહોંચવા રોજ વહેલી સવારે નીકળી પડે છે. એટલી વહેલી કે તેમનાં બાળકો હજી ઊંઘમાંથી જાગ્યાં પણ ન હોય. કદાચ ઊંઘતાં બાળકોના માથે વહાલથી હાથ ફેરવીને જ એ ચાલી નીકળતી હશે. કંડલામાં તેમને ચાર રૂપિયા રોજ મળે છે. પછી તેમાંથી રોજ દોઢથી બે રૂપિયા તો પેલા એસ. ટી. સી. કંપનીવાળા પડાવી લે છે.

બસવાળાના ખિસ્સામાંથી પેલા આરબો પોતાનો હિસ્સો લઈ જાય છે. ઉપલક નજરે જોનારને લાગે કે અહોહો ! કેવો વિકાસ થયો છે દેશનો ! આ ચકચકિત ડામરના રસ્તા, આ બસોની દોડધામ, આ મજૂરોનાં વૃંદ, મોટાં કારખાનાં અને કરોડોના માલનું ઉત્પાદન.

પણ તેની બીજી બાજુ પણ છે, જે જોવાની-વિચારવાની કોઈને ફુરસદ નથી. બાર બાર કલાક પોતાનાં વહાલસોયાં બાળકો અને કુટુંબીજનોથી દૂર રહેતી અને

આઠ આઠ કલાક પસીનો પાડીને તન તોડીને કામ કરતી આ સ્ત્રીઓ રોજના માંડ ચાર રૂપિયા કમાય છે. તે ઘેર પહોંચે તે પહેલાં તો એસ.ટી.સી.વાળા તેમાંથી બે રૂપિયા પડાવી લેતા હોય છે.

દિનભર મજૂરી કરે છે ભારતની મહિલાઓ અને તેમાંથી કમાણી કરે છે એસ.ટી.સી. અને વળી એસ.ટી.સી.ની કમાણીમાંથી પાછા આરબ દેશો પોતાનો હિસ્સો લઈ જાય છે.

આરબો એક જમાનામાં તલવારથી આપણને લૂંટતા તે આજે પણ આપણને ખૂંચે છે. પણ આજે તેમના ડીઝલથી આપણે સ્વેચ્છાએ લૂંટાઈએ છીએ.

બાર કલાક સુધી બાળકોથી વિખૂટી રહેલી મહિલાઓને સંતોષ છે કે ઘેરે આવીને બચેલા બે રૂપિયામાંથી કિલો બાજરો ખરીદીને પોતાનાં બાળકોને ખવડાવી શકે છે. સરકારને સંતોષ છે કે અમારી એસ.ટી.સી. મબલક કમાણી કરે છે. શ્રીમંતોને સંતોષ છે કે તેમની મોટરો માટે સપાટ ચકચકિત ડામરના રસ્તા બંધાયા છે, અને તેમનાં કારખાનાં તેમને કરોડોની કમાણી આપે છે. લોકોને સંતોષ છે કે તેઓ ઝડપથી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચી જાય છે. પછી ભલે તેથી બીજો કાંઈ લાભ ન હોય.

પણ માતાથી વિખૂટાં રહેતાં આ બાળકોને માતાનું વહાલ મળતું નથી. જે બાળકો માતાની હૂંફ મેળવ્યા વિના ઊછરે છે તેઓ મોટાં થતાં લાગણીશૂન્ય બની જાય છે. જે લોકોએ કદી પણ આ રસ્તા નજરે જોયા નથી

એવા કરોડો લોકોને આ રસ્તા બાંધવા અને દર વરસે તેની મરામત કરવા પેટે પાટા બાંધીને એક યા બીજા રૂપે કર આપવા પડે છે. રોજ બસની ધડધડાટીમાં ઊભા ઊભા મુસાફરી કરતા લાખો મનુષ્યોની કિડની બગડે છે. આંતરડાં બગડે છે. આ નુકસાન તરફ કોઈનું ધ્યાન પડતું નથી. પ્રજાનું સ્વાસ્થ્ય જોખમાય છે એ જોવાની કોઈને ફુરસદ નથી.

હિંદુ સમાજમાં લાખ લાખ વરસથી માતાપિતા તરફથી પુત્રોને પેઢી દર પેઢી વારસામાં મળતા ઉદ્યોગો, વેપાર, કૃષિજ્ઞાન, સંસ્કૃતિ, સંસ્કારો, કુલાચારોના વારસાનો ઝરો અહીં અટકી જાય છે, સુકાઈ જાય છે.

લોકો માને છે કે અહો! સરકાર દેશનો કેવો વિકાસ કરી રહી છે! મોટા ચકચકિત રસ્તા, મોટાં કારખાનાં, મોટરો અને મોટરબસોની કતારો, અબજો રૂપિયાની પરદેશી સહાય, પણ એ તો બધાય સુધરેલી દુનિયાએ શોધી કાઢેલાં પ્રજાની સમૃદ્ધિ અને સુખશાંતિ લૂંટી લેવાનાં સાધનો છે.

ગઝનીઓ અને નાદિરો માત્ર થોડાક શ્રીમંત લોકોને જ લૂંટી શકયા હતા. માત્ર થોડાંક શહેરો જ બાળી શકયા હતા. તેઓએ જે લૂંટયું એ તો આ દેશની પ્રજાએ પેદા કરેલી સંપત્તિનો એંઠવાડ જ હતો. સાચી સમૃદ્ધિ તો ગામડાંઓમાં હતી, જયાં તેઓ કદી પણ પહોંચી શકયા નહિ.

પરંતુ આ પશ્ચિમી શોષક અને હિંસક યાંત્રિક અર્થવ્યવસ્થા દરેક ગામડે અને દરેક ઘરમાં ઘૂસી જઈને

ઘર ઘરની સંપત્તિ લૂંટી લેવાની પદ્ધતિ વિકસાવી શકી છે. જેમ જેમ મોટા યાંત્રિક ઉદ્યોગો વધે છે તેમ તેમ લોકો સમૃદ્ધ થવાને બદલે વધુ ગરીબ....માનસિક રીતે વધુ તંગ થતા જાય છે.

પરંતુ વધુ દુઃખ તો એ વાતનું છે કે મોટા ઉદ્યોગો જે સંપત્તિ લૂંટે છે તે તેમની પાસે રહેતી નથી. તેનો મોટો હિસ્સો વિશ્વબેંક, આપણને સહાય કરનારા બીજા દેશો અને આરબ દેશો લઈ જાય છે.

પસીનો પાડે છે હિંદુ પ્રજા....અને એ પસીના વડે સમૃદ્ધ થાય છે ઇસ્લામી અને પશ્ચિમી રાષ્ટ્રો !

આપણે અપનાવેલો બૌદ્ધિક અંધાપો આપણને આ હકીકતથી સભાન થવા દેતો નથી.

સમાજદર્શન

[૧૩]

એ કાળઝાળ બહારવટિયાએ સમસ્ત પ્રદેશને થરથરાવી દીધો હતો. એનું નામ સાંભળતાં રોતાં બાળકો ચૂપ થઈ જતાં. એ ગામમાં આવ્યો છે એમ સાંભળતાં ગર્ભિણીઓના ગર્ભ પડી જતા. મૂછે તાવ દઈને ખભે બબ્બે જોટાળી બંદૂકો બાંધી કમરે તલવાર લટકતી રાખી ફરતા બહાદુરોનાં ગાત્રો ગળી જતાં.

નિર્દયતાના અવતાર સમો એ બહારવટિયો એક ગામ ઉપર ત્રાટકે છે. એના દિલમાં દયાનો છાંટો પણ ન હતો. ખૂન કરવાં એ જ એની મોજ હતી. લોહી નીકળતી લાશોને લોહીનાં ખાબોચિયાંમાં તરફડતી જોઈ એ આનંદથી થનગનતો.

આજે એ ગામમાં લોહીની છોળો ઉડાવવા આવ્યો છે. એક ગરીબ એની હડફટે ચડે છે. અને ધડાક કરતું એનું માથું ધડથી જુદું પડે છે. એની પાછળ જ ચાલી આવતી એની ગર્ભવતી સ્ત્રીના મોંમાંથી ચિત્કાર નીકળી જાય છે. બીજી જ પળે તેના પેટ ઉપર તલવારનો ઝાટકો પડે છે. બાઈના પ્રાણ ઊડી જાય છે. ચિરાઈ ગયેલા પેટમાંથી ગર્ભમાંનું બાળક બહાર ફેંકાઈ આવીને છિન્નભિન્ન દશામાં પડે છે.

ત્યાં તો એક બ્રાહ્મણ આવી ચડે છે. અને ધડાક કરતું એનું માથું ધૂળમાં રગદોળાવા લાગે છે.

કોઈ માઈનો પૂત એને પડકારનાર નથી, એવા અભિમાનથી લોહી નીગળતી તલવાર લઈને એ પેલાં શબ તરફ જોઈને ખડખડાટ હસે છે. એકીસાથે બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યા કરનારો રાક્ષસ અચાનક ધ્રૂજી ઊઠે છે. પાસે પડેલ દંપતીનાં નાનાં બાળકો તેમનાં મા-બાપની હાલત જોઈને પથ્થરને પણ પિગળાવે તેવી કરુણ ચીસો નાખીને પોતાનાં માથાં પટકે છે. એ કરુણ ચીસોએ બહારવટિયાની તમામ ક્રૂરતા ઓગાળી નાખી. એનુંય હૈયું આ ચીસોએ ભાંગી નાખ્યું. એને આંખે અંધારાં આવવા લાગ્યાં. તે આ દૃશ્ય જોઈ શક્યો નહિ. તેણે તલવાર ફેંકી દીધી અને ત્યાંથી નાઠો. મૂઠીઓ વાળીને નાઠો. જેમ જેમ પેલી કરુણ ચીસો સંભળાતી હતી... તેમ તેમ તેના પગ ધ્રૂજતા જતા હતા. એ દૂર ને દૂર નાસી જવા પોતાનું બધું બળ ભેગું કરીને દોડી રહ્યો હતો.

હવે તેને ખ્યાલ આવતો હતો કે કેવાં અઘોર પાપ તેણે કર્યાં હતાં.

પરંતુ આપણા રાજકર્તાઓ એ બહારવટિયાથી પણ વધારે નિષ્ઠુર છે. રોજ હજારો ગાયોની કતલ, લાખો ઘેટાંબકરાંની કતલ, કરોડો મરઘાંઓની કતલ, અબજો માછલીઓ, દેડકાં, સાપ અને વિવિધ વનપશુઓની યાતનામય કતલ, કરોડો અર્ધભૂખ્યા, અર્ધનગ્ન માનવીઓ, ઝૂંપડપટ્ટીઓમાં કરોડો માનવભંગારોનો ગંજ, હજારો ગર્ભપાત દ્વારા એકીસાથે બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યાનાં ક્રૂરતાભર્યાં પાપી કાર્યો તેમના દિલને કંપાવી શકતાં નથી. ઊલટું તેઓ તે માટે ગૌરવ અનુભવે છે. પોતાની સત્તાની સિદ્ધિ તરીકે વખાણે છે. અને આ બધાં પાપકર્મોને લોકશાહી અને સિક્યુલેરિઝમની ઢાલ પાછળ વાજબી ઠરાવે છે.

વિશ્વપ્રવાસીઓ તેમની નોંધપોથીમાં એ વાતની નોંધ કરી ગયા હશે કે, 'ભારતમાં જ્યાં જુઓ ત્યાં 'અહિંસા પરમો ધર્મ'નાં પાટિયાં હતાં. 'સત્યમેવ જયતે'નાં સૂત્રો ટાંગેલાં હતાં.

'મફત ગર્ભપાતની જાહેરખબરો હતી. તેમનાં યાત્રાધામોના પ્રદેશોમાં ગૌહત્યાનાં કતલખાનાં હતાં. મચ્છીમાર કેન્દ્રો હતાં. ખેતરોમાં ખેતીના કામમાં આવે અને જીવનજરૂરિયાતની દૂધ-ઘી-બળતણ જેવી ચીજો આપનાર પશુઓને બદલે કતલ માટે ઉછેરાતાં પશુઓ હતાં. લોકો આ બધી બાબતો પ્રત્યે ઉદાસીન હતા. કારણ કે તેઓ બેઘર, બેકાર, અર્ધભૂખ્યા, અને અર્ધનગ્ન હાલતમાં

જીવતા હતા.

'અને સહુથી વિસ્મયકારક બીના તો એ હતી કે આ બધાં પાપધામોના સર્જકો, સંચાલકો કે તેને મંજૂર કરનારાઓ હતા જૈન, વૈષ્ણવ કે સ્વામીનારાયણ સંપ્રદાયના ચુસ્ત ભક્તો, જેઓ વાકયે વાકયે હિંસાનો વિરોધ કરતા, ગાંધીમાર્ગે ચાલવાની જાહેરાતો કરતા, જગતભરમાંથી હિંસા બંધ થાય એવી ઇચ્છા પ્રદર્શિત કરતા.'

સમાજદર્શન

[૧૪]

અમે અમારા જ્ઞાતિઓના વાડા તોડી નાખ્યા છે, કારણ કે અમારા ભ્રષ્ટાચારી નેતાઓનો એ આદેશ છે. તેઓ કહે છે કે જ્ઞાતિસંસ્થાઓ તોડી નાખવી જોઈએ, કારણ કે તેઓ દેશની પ્રગતિને રૂંધે છે.

જ્ઞાતિસંસ્થા પ્રગતિ કઈ રીતે રૂંધે છે તે અમે પૂછતા નથી. કદાચ તેઓ પણ નહિ જાણતા હોય, પણ એ તોડફોડ અમારા સ્વચ્છંદને પોષે છે માટે અમે તેમના આદેશને સ્વીકારીએ છીએ.

અમારા નેતાઓ અમને જ્ઞાતિસંસ્થાઓ તોડવાનો આદેશ આપે છે. જોકે તેમને પણ જ્ઞાતિઓનો ખપ છે, ચૂંટણી જીતવા માટે. ચૂંટણી જીત્યા પછી બીજી કોઈ આવડત ન હોવાથી જ્ઞાતિઓને ભાંડવા માટે અને અમને આપવા માટે બીજો કોઈ કાર્યક્રમ તેમની પાસે ન હોવાથી, એ સંસ્થા તોડવા અમને ઉશ્કેરવા માટે.

જ્ઞાતિસંસ્થાઓ સામે સહુથી વધુ વિરોધ અંગ્રેજોને હતો. કારણ કે તેમના પ્રચંડ કાવાદાવા છતાં તેમની

રહેણીકરણી, ખાણીપીણી અને વિચારધારાના ફેલાવા સામે આપણી જ્ઞાતિસંસ્થાઓ દુર્ભેદ્ય કિલ્લા સમી પુરવાર થઈ હતી.

માટે જ તેઓ કહેતા કે જ્ઞાતિસંસ્થા આ દેશની પ્રગતિને રૂંધે છે. અંગ્રેજો કહેતા એટલે અમારા નેતાઓ પણ કહે છે અને અમારા નેતાઓ કહે છે તે અમે માનીએ છીએ. કારણ કે તેથી અમારા સ્વચ્છંદ પોષાય છે.

અને અમારી પાસે આવી તોડફોડ કરવા સિવાય, જૂના સંસ્કારોની, જૂનાં મૂલ્યોની અવહેલના કરવા સિવાય બીજો કાર્યક્રમ પણ શું છે?

દેશના કાર્યક્રમો તો આયોજનપંચો ઘડે છે. અમલદારો તેનો અમલ કરે છે. પછી અમારે ભાગે તો આવા તોડફોડના કાર્યક્રમો જ આવે ને?

પણ જ્ઞાતિઓ હવે આકાર બદલી રહી છે. લોહીની સગાઈ દૂર ઠેલાતી જાય છે. વેપારની સગાઈ વધુ ગાઢ બનતી જાય છે. વેપારના સીમાડા વિસ્તૃત છે એટલે વેપારમાં પ્રગટતી જ્ઞાતિઓ પણ વિસ્તૃત બનતી જાય છે. આ જ્ઞાતિમાં કોઈ, કોઈ બીજાના કુટુંબીજનને ઓળખતું નથી. માત્ર કુટુંબના વડા એકબીજાને જાણતા હોય છે.

એ ઓળખાણે એક શ્રીમંત વૈષ્ણવની પુત્રીનું બીજા શ્રીમંતના પુત્ર સાથે સગપણ થઈ ગયું. વર પક્ષનું કુટુંબ વૈષ્ણવ છે કે નહિ એ જાણવાની જરૂર ન હતી, કુટુંબીઓને પૂછવાપણું પણ હતું જ નહિ.

સવારે ચાંદલા થયા, સાકર વહેંચાણી, ભોજન સમારંભ થયો. જમ્યા પછી વરરાજાએ કન્યાને પોતાની

સાથે ફિલ્મ જોવા મોકલવા માગણી કરી. આ રીત હિંદુ સંસ્કૃતિ સાથે બંધબેસતી નથી. પણ મૉડર્નમાં ખપવું હોય તો એમાં વાંધો લઈ શકાય નહિ, એટલે કન્યાને વર સાથે ફિલ્મ જોવા મોકલી.

બન્ને જણાંએ ફિલ્મ જોઈ. પછી હોટેલમાં ગયાં. વરરાજાએ બીફ અને પોર્કની (ગોમાંસ અને ડુક્કરના માંસની) ડિશો મંગાવી. વૈષ્ણવ કન્યા ચમકી. તેણે એ ખાવાની ના પાડી. તેમાંથી બન્ને વચ્ચે ચકમક ઝરી. વરરાજાએ કહ્યું, 'આ તો અમારા ઘરનો રોજનો ખોરાક છે. તારા ચોખલિયાવેડા અમારા ઘરમાં નહિ ચાલે. તું આવી પછાત સંકુચિત માનસની હોય તો અમારા મિત્રોમાં અમારી આબરૂ શું રહે?'

પ્રથમ દૃષ્ટિએ પ્રેમ થવાને બદલે પ્રથમ મિલને સંઘર્ષ થયો. કન્યા ઘેર આવી. આવા કુટુંબમાં જીવન કેમ વીતશે એની ચિંતા એને ઘેરી વળી અને ઘેર જતાં જ અતિશય માનસિક દબાણથી તેને ફિટ આવી.

ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે કન્સલ્ટન્ટ ડૉક્ટરને બોલાવવા સલાહ આપી. કન્સલ્ટન્ટ ડૉક્ટર આવ્યા છતાં ફિટના તો ઊથલા વધતા ચાલ્યા. કન્સલ્ટન્ટે સાઇકોલૉજિસ્ટને બોલાવ્યા. સાઇકોલૉજિસ્ટે કારણ શોધી કાઢયું. કન્યાનાં માબાપને જણાવ્યું. રાત્રે વેવિશાળ તોડી નાખવામાં આવ્યું.

સવારે વેવિશાળ, બપોરે ભોજન સમારંભ, સાંજે હોટેલમાં સંઘર્ષ, રાતે વેવિશાળ ફોક. આમ બાર કલાકમાં ચાર અંકના નાટકની પૂર્ણાહુતિ થઈ.

ગામનાં જુદાં જુદાં જૂથો વચ્ચે કાતિલ હરીફાઈ ચાલે છે. કોણ વધુ બળવાન, કોણ વધુ લાગવગવાળું. એવી હરીફાઈ ઘણી વખત ખૂનરેજીમાં પરિણમે છે. પરંતુ એક જૂથને કોંગ્રેસના સેવકજીઓનો ટેકો છે. તો બીજાને જનસંઘનો. કોઈની પાછળ સમાજવાદીઓ છે, તો કોઈ વળી દાણચોરીના પ્રતાપે પોતાના બળ ઉપર મુસ્તાક છે.

એક વખત હોળીના દિવસે સેવકજીઓની છત્રછાયા-વાળા જૂથે ગામમાં પોતાનો પ્રભાવ બતાવવા સહુથી મોટી હોળી બનાવવાનો નિર્ણય કર્યો. ગામમાં ૨૦૦–૩૦૦ વરસ જૂનાં ૪૦–૫૦ તોતિંગ વૃક્ષોની હારમાળા હતી. ઝાડ કાપવાની રાજ્યમાં મનાઈ હોવા છતાં સેવકજીઓના આશીર્વાદ મેળવી આ જૂથના જુવાનો કુહાડા લઈને આ વૃક્ષરાજી ઉપર ત્રાટક્યા. આજુબાજુના લોકોએ પોલીસને ખબર આપી. પરંતુ વૃક્ષોનાં ઝુંડ અને પોલીસો વચ્ચે સેવકજીઓની દીવાલ હતી. એટલે કોઈ આવ્યું નહિ.

ગમે તેવી મોટી હોળી માટે પણ આવું એક જ ઝાડ વધારે પડતું હતું. પણ આખો દિવસ મહેનત કરીને તમામ વૃક્ષોનો વિચ્છેદ કરી નાખ્યો. કદાચ જૂથના તમામ સભ્યોને પાંચ વરસનું બળતણ મફત મળી ગયું હશે!

ત્રણ દિવસ પછી સેવકજીઓની દીવાલ ઠેકીને પોલીસ આવી પહોંચી. આજુબાજુ રહેનારાઓનાં નિવેદન લીધાં. ઝાડ કાપનારાઓનાં નામઠામ માગ્યાં. પણ કોઈ નામઠામ આપે તો તેના હાથપગ પેલા કુહાડાધારીઓ કાપી નાખે,

એટલે ડરના માર્યા કોઈએ નામઠામ આપ્યાં નહિ. પોલીસે કુલ કેટલાં વૃક્ષો કપાયાં તેની નોંધ કરી, પ્રજાને શિખામણ આપી કે, 'તમારે અમને સહકાર આપવો જોઈએ. સહકાર ન આપે તો ગુનેગારો કેમ પકડાય?'

ગુનો થયા પહેલાં પોલીસ આવે તો ગુનો થાય નહિ. ગુનો પૂરો થયા પછી પોલીસ આવી, કદાચ એવી આશાએ કે હવે કેસ સબળ થશે. પુરાવામાં ઉજ્જડ બનેલા રસ્તાના ફોટા રજૂ કરાશે. પણ લોકોએ નામઠામ ન આપીને કેસ નબળો કરી નાખ્યો પછી ખટલો કોના ઉપર ચલાવવો?

એ રસ્તા ઉપર જ એક પુરાતન મંદિર છે. મંદિરની પાછળ એક તોતિંગ વૃક્ષ છે. શ્રાવણ મહિનાના પવનના ઝપાટામાં તેની એક ડાળ નમી પડી, અને મંદિરની દીવાલ ઘસાવા લાગી. મંદિરના પૂજારીએ તે ડાળ કાપવા દેવા અરજી કરી. પણ ઝાડ કાપવાની કાયદેસર મનાઈ હોવાથી અરજી નામંજૂર થઈ. મંદિરની દીવાલને વધુ નુકસાન થયું. તેમાં તિરાડ પડી એટલે દીવાલ તૂટી પડવાની ધાસ્તી લાગવા માંડી.

પૂજારીએ દીવાલ બચાવવા ડાળ કાપી નાખી, સરકારી કાયદાનું ઉલ્લંઘન કર્યું. કર્ણાટકમાં કાયદાનું ઉલ્લંઘન કરીને સુખડનાં જંગલો કાપી નાખે છે. પણ એ તો દાણચોરો છે. ગીરનું જંગલ પણ કાપે છે. પણ સરકાર માને છે કે એ વાત ખોટી છે. કારણ કે ત્યાં તેણે જંગલ ચોકિયાતો રાખ્યા છે. એ ચોકિયાતો પોતા માટે રસોઈ કરવા એકાદું ઝાડ કાપે કે બે પૈસાની બે નંબરની

કમાણી કરવા કોઈને થોડાં ઝાડ કાપવા દે તેમાં આટલો ઊહાપોહ શેનો ?

પણ અહીં તો પેલા પૂજારીએ છડેચોક કાયદાનો ભંગ કર્યો. પણ ગાંધીજીએ કાયદાનો ભંગ કર્યો હતો તો એમને બ્રિટિશ સરકારે છોડયા ન હતા. કેસ ચલાવ્યા વિના જ યરવડા જેલમાં પૂરી દીધા હતા. તો આ પૂજારી વળી કોણ ? તેને પકડયો, જામીન ઉપર છોડયો. અદાલતમાં કેસ દાખલ કર્યો.

પૂજારી ગામની વચ્ચે ઉપવાસ પર ઊતરીને સૂતો. ત્રીજે દિવસે ગામમાં સળવળાટ થયો. કોઈ કલેક્ટર પાસે પહોંચ્યા. બધી વિગત સમજાવી. તેમના નસીબે કલેક્ટર સિક્યુલરિસ્ટ ન હતા. મંદિરોમાં દર્શન કરવા જતા. તેઓ આ મંદિરમાં દર્શન કરવા આવ્યા. મંદિરને થયેલું નુકસાન નજરે જોયું. પેલું ઝાડ પણ જોયું. સલામત હતું. પેલાં કપાઈ ગયેલાં વૃક્ષોની નિશાનીઓ પણ જોઈ. અને પૂજારી સામેનો કેસ પાછો ખેંચાવી લીધો.

સમાજદર્શન

[૧૬]

**મીંઢળબંધા તો ગયા, હવે તો મીંઢળ પણ જોવા નહિ મળે**

ગામ ઉપર આફત આવે, કે કોઈ પણ ગાય, બ્રાહ્મણ કે સ્ત્રી ઉપર આફત આવે તો મીંઢળબંધા જુવાનો તેમને બચાવવા મોતના મુખમાં ધસી ગયાના બનાવો તો જાણે કે હિંદુ પ્રજાના જીવનનું એક અંગ બની ગયા હતા. અરે ! મીંઢળબંધા જ શું કરવા ? લગ્નની ચોરીમાં ત્રણ ફેરા પૂરા થાય, ચોથો ફેરો શરૂ કરે, અને ઘ્રુબાંગ-ઘ્રુબાંગ-ઘ્રુબાંગ બુંગિયો ગાજી ઊઠે અને કોડીલો વરરાજા વરમાળ તોડી

ચોરીની બહાર કૂદી પડે. અને દોડે મૃત્યુના મુખમાં. અને પેલી કન્યા પણ કેવી? એ પણ પેલા કોડભર્યા કંથની ચિતા ઉપર ચડી જાય; સ્વર્ગમાં ચોથો ફેરો પૂરો કરવા....!

આવા ઇતિહાસના સાક્ષી જેવા તેમના પાળિયા ગામડે ગામડે, દરેક ગામડાના પાદરે આજેય ઊભા છે. ક્યાંક ૧૦–૨૦ તો કોઈ ગામને સીમાડે તો સેંકડોની સંખ્યામાં.

આજે હવે પશ્ચિમી કેળવણીએ યુવામાનસ બદલ્યું છે. એટલે ધાસ્તી લાગે છે કે કદાચને ઇતિહાસનાં આ અમર, અજોડ સંભારણાં—ઇતિહાસના શૌર્યનાં, બલિદાનનાં, વિશ્વભરમાં ક્યાંય જોવા ન મળે એવાં સંભારણાં—કદાચ કોઈ મોટા જળબંધો નીચે જળસમાધિ લઈને અદશ્ય થઈ જશે કે કોઈ સિમેન્ટનાં કારખાનાંઓમાં પિસાઈને ચૂર્ણ-વિચૂર્ણ થઈ જશે.

અંગ્રેજી શાસનમાં ધીંગાણાં બંધ પડચાં, નવા પાળિયા ખોડાતા પણ બંધ પડચા. ધીમે ધીમે પશ્ચિમી સંસ્કૃતિ અને પશ્ચિમી કેળવણીએ ત્યાગ, બલિદાન, શૌર્યને ઠેકાણે સ્વાર્થ અને ધનલાલસાની ભાવના પેદા કરી. ત્યાં તો ગાંધીજી આવ્યા. અને ફરીથી પ્રજાની અસ્મિતાને આહ્વાન આપ્યું. રાષ્ટ્ર માટે મરી ફીટવાની હાકલ કરી.

ફરીથી મીંઢળબંધા જુવાનો જીવતી કબરો જેવી જેલોમાં ખડકાવા લાગ્યા. વીંઝાતી લાઠીઓ સામે 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ની ગર્જનાઓ કરતા ધસવા લાગ્યા. હજી તો જે કપાળે ગઈ કાલે જ સાસુએ કંકુનો ચાંદલો કર્યો હતો તે કપાળ ઉપરથી બીજે જ દિવસે લોહીના રેલા ચાલવા લાગ્યા.

આવો એક યુવાન, એક દિવસ યરોડા જેલના ત્રણ નંબર સર્કલની બૅરેક નંબર એકના દરવાજે આવી પહોંચ્યો. મેં જોયું તો તેના હાથે મીંઢળ બાંધેલું હતું. ઉંમર હશે માત્ર ૧૭–૧૮ વરસની.

જોઈને હું સ્તબ્ધ બની ગયો. મનોમન એને નમી પડ્યો. એનો બિસ્તરો અમે ચારપાંચ મિત્રો પાસે મંગાવી લીધો. તે અમારી પાસે આવીને સ્વસ્થતાથી બેઠો. મેં એને પૂછ્યું, "હાથે મીંઢળ કેમ બાંધ્યું છે?"

તેણે જવાબ આપ્યો, "રાતે લગ્ન થયાં. સવારે પરણીને ઘરે જતા હતા. સામે કૉંગ્રેસનું સરઘસ મળ્યું. અમારો વરઘોડો એક બાજુ થંભી ગયો. ત્યાં તો પોલીસો ત્રાટક્યા એ સ્વયંસેવકો ઉપર. લાઠીઓ વીંઝાવા લાગી. મોખરે ઝંડો લઈને ચાલતો યુવાન લાઠીથી ઘવાઈને નીચે પડ્યો. સાથે ઝંડો પણ પડ્યો. એક અંગ્રેજ કૉન્સ્ટેબલે તેને લાત મારી. મારાથી આ સહન ન થયું. છેડાછેડી ફેંકી દઈને હું ગાડીમાંથી નીચે કૂદ્યો. પેલો ઝંડો ઉપાડીને બોલ્યો 'ઇન્કિલાબ ઝિંદાબાદ.' ગોરા કૉન્સ્ટેબલો મારા ઉપર તૂટી પડ્યા. હાથ મચકોડી ઝંડો આંચકી લીધો અને મને પકડીને પોલીસવાનમાં ધકેલ્યો.

"બપોરે મને મૅજિસ્ટ્રેટ સામે ઊભો કર્યો. મારા વડીલો બચાવ કરવા વકીલ લાવ્યા હતા. મેં બચાવ કરવા ના પાડી. અને ફરીથી કોર્ટમાં 'ઇન્કિલાબ ઝિંદાબાદ' પોકારવાનું ચાલુ રાખ્યું. મને છ મહિનાની સજા ફટકારી, અને અહીં લાવ્યા. પરણીને ઘેર જવા કરતાં અહીં આવવામાં હું વધારે ગૌરવ અનુભવું છું."

૧૯૩૦-૩૨-૪૨ સુધી આ ખમીર દેશમાં જોવા મળ્યું.

પણ હવે તો ચાર ફેરા પૂરા થાય કે ઘેર જઈ ને કુળ-દેવીને પગે લાગવાની પણ ધીરજ રહેતી નથી. ચોરીમાંથી સીધા મહાબળેશ્વર અથવા તો સીધા ઍરપોર્ટ ઉપર. કન્યાને કહી દેવાનું, હું જાઉં છું. પાસપોર્ટની તારીખ આવી ગઈ છે. તું પાછળથી આવી પહોંચજે.

પણ આ તો શ્રીમંતોને પરવડે. મધ્યમ વર્ગનું શું? એક રૂમમાં બે કુટુંબો રહેતાં હોય તેમનું શું? તેનો કોઈ ઉપાય હાલમાં તો નથી, પણ કોઈએ એનો ઉપાય શોધી કાઢ્યો છે. નવદંપતીઓને શયનગૃહો માટે ઊંચાં વૃક્ષો ઉપર લાકડાની ઓરડીઓ બાંધી આપવાનો.

અને ગરીબો માટે કોઈ ચિંતા કરશો જ નહિ. એ તો કોઈ અંધારી ગલીઓ, કોઈ ગટરની ધાર, સુકાઈ ગયેલી કોઈ ખુલ્લી ગટર, ઝૂંપડપટ્ટીઓની વચ્ચે આવેલી દોઢ ફૂટ પહોળી ગલીઓ તેમનાં શયનગૃહો છે. ચીનમાં તેવું જ છે તો આપણે ત્યાં આવું હોય તેમાં વાંધો શો છે? ગાંધીજી ઉપર સહુથી વધુ ઉપકાર કર્યો હોય તો પેલા ગોડસેએ, એમ નથી લાગતું?

સમાજદર્શન

[૧૭]

એક શ્રીમંત અને વૈષ્ણવ કુટુંબમાં માતા મૃત્યુ સમયે પુત્રને ભલામણ કરે છે કે મારી પાછળ ભાગવત પારાયણ બેસાડજે. પુત્રે હા પાડી. તે ગ્રૅજ્યુએટ છે. પશ્ચિમી સંસ્કૃતિનો પૂજક છે. પરદેશી ફિલોસૉફી અને સાહિત્યનાં પુસ્તકોનાં ઘરમાં કબાટો ભર્યાં છે.

પત્ની વારંવાર ભાગવત પારાયણ બેસાડવાનું યાદ કરે છે, ત્યારે જવાબ આપે છે મને તેમાં શ્રદ્ધા નથી. તું બેસાડી લે. તને જોઈએ તેટલા પૈસા આપું. પત્ની કહે છે, એમ ન થાય. બધું વિધિસર થવું જોઈએ. આમ વિવાદમાં વરસો વીતી ગયાં.

અચાનક શેઠને એક યુવાનનો ભેટો થઈ ગયો. તેમને તે ગમી ગયો. દર અઠવાડિયે તેને પોતાને ત્યાં બોલાવે અને ધર્મ, સંસ્કૃતિ, રાજકારણ વગેરે ઉપર ચર્ચાઓ કરે.

એક દિવસ શેઠની પત્નીએ પેલા યુવાનને ભાગવત પારાયણના વચનની વાત કરી અને શેઠને સમજાવવા વિનંતી કરી. યુવાને એ કબૂલ્યું. અને ધીમે ધીમે એ વાત તરફ ઝોક આપવા લાગ્યો. પણ શેઠ જરા પણ નમતું આપે નહિ.

એક દિવસ યુવાન નિયમ મુજબ તેમને ઘેર ગયો. ત્યાં વાતાવરણ ગભરાટભર્યું હતું. યુવાનને જોતાં જ શેઠાણીએ ગભરાટભર્યા અવાજે કહ્યું, 'ભાઈ જુઓને, શેઠને શું થયું હશે? જુઓ ત્યાં બગીચામાં બધાં પુસ્તકો બાળે છે, અને પૂછીએ છીએ તો કોઈ જવાબ આપતા નથી.' યુવાને બગીચામાં જોયું તો શેઠ એક પછી એક પુસ્તકને આગ ચાંપી રહ્યા હતા. યુવાનને આશ્ચર્ય થયું અને દોડતો શેઠ પાસે પહોંચ્યો અને પૂછ્યું, 'શેઠ આ શું માંડ્યું છે?'

શેઠે જવાબ આપ્યો, 'ગભરાઓ નહિ. હું ગાંડો નથી થઈ ગયો. પહેલાં આ બધું બળી જવા દો. પછી

કહું કે શું થયું છે.' યુવાનને લાગ્યું કે જરૂર શેઠની ડાગળી ખસી ગઈ છે.

તમામ પુસ્તકો બળી ગયાં એટલે શેઠ કહે કે ચાલો હવે આની સમજણ પાડું. બન્ને ઉપર દીવાનખાનામાં જઈને બેઠા અને શેઠે વાત શરૂ કરી....

"એક દિવસ એક વેપારીને વેપાર બાબત તાત્કાલિક મળવાની જરૂર પડી. તપાસ કરી તો જણાયું કે તેઓ તો એક મોટા મંદિરમાં ભાગવત પારાયણ વંચાય છે તે સાંભળવા ગયા છે....હું તરત ત્યાં ટેક્સી કરીને પહોંચ્યો પણ કથાના હોલમાં ૩૦૦–૪૦૦ માણસો કથા સાંભળતા હતા. તેમની વચ્ચે જઈને પેલા વેપારીને શોધવા એ ઉચિત ન લાગ્યું. મારા સ્વાર્થની ખાતર આટલા બધા માણસોના કથાશ્રવણમાં ભંગ કેમ પડાય? હું અંદર નજર નાખતો અને પેલા વેપારી ક્યાં બેઠા હશે તે શોધતો દરવાજા પાસે ઊભો રહ્યો. આમ પંદરેક મિનિટ પસાર થઈ ગઈ. ત્યાં સુધી વિદ્વાન શાસ્ત્રીજીનો વાણીપ્રવાહ સાંભળવાની તક મળી. હું આકર્ષાયો. પેલા વેપારીની નજર મારી ઉપર પડી. તે મારી પાસે આવ્યા, અને અમે વાત કરી લીધી. પણ ત્યાંથી ચાલ્યા જવાને બદલે હું ત્યાં હોલમાં જઈને બેસી ગયો.

પછી તો રોજ કથાનો સમય થાય એટલે ત્યાં પહોંચી જવા લાગ્યો. મેં આખી ભાગવત કથા સાંભળી. અને મને લાગ્યું કે સાચા જ્ઞાનનો ભંડાર તો અહીં જ ભર્યો છે. પશ્ચિમના ફિલોસોફરો તો હજી અંધારામાં ફાંફાં મારે છે. મેં વિચાર્યું કે આ ખોટે માર્ગે દોરનારાં પુસ્તકો

શા માટે રાખવાં! એટલે મક્કમ નિશ્ચય કરીને આજે બાળી નાખ્યાં."

યુવાને કહ્યું કે "પણ બાળી શા માટે નાખ્યાં? કોઈ લાઇબ્રેરીને ભેટ આપી દેવાં હતાં."

શેઠે કહ્યું, "અહીં જ તમારી ભૂલ થાય છે. એ જ્ઞાન ન હતું, ઝેર હતું. દૂધમાં ઝેર પડ્યું હોય તો કોઈને આપી દેવાય? એ તો ઢોળી નાખવું જ જોઈએ. હવે તમે આપણા ધર્મનાં પુસ્તકોની યાદી તૈયાર કરી આપો, એટલે એ તમામ હું ખરીદી આવીશ. અને બીજી વાત. મેં મારાં બા પાછળ ભાગવત પારાયણ બેસાડવાનું નક્કી કર્યું છે. તમે મને મુહૂર્ત કાઢી આપજો. હું જાહેર પ્રજા એનો લાભ લઈ શકે તેવી રીતે મોટા હોલમાં એની વ્યવસ્થા કરીશ."

યુવાન જવા માટે નીચે ઊતર્યો ત્યારે ઘરમાં સહુને આની વધામણી આપી. સહુ ખુશ થઈ ગયાં. શેઠાણી કહે, "ભાઈ! તમારો બહુ મોટો ઉપકાર થયો. તમે અગાઉથી તેમના મગજમાં બીજ રોપ્યાં હતાં એટલે શાસ્ત્રીજીના વચનામૃતે તેમનું મન ફેરવી નાખ્યું. તમારો ઉપકાર અમે કદી નહિ ભૂલીએ."

યુવાન કહે, "ઉપકાર મારો નહિ, પરમેશ્વરનો. અને બીજો આવા ગ્રંથો લખનાર વેદ વ્યાસજીનો."

પંદર મિનિટના કથાશ્રવણે પણ જીવનનો રાહ કેવો પલટી નાંખ્યો?

આ જમાનામાં પણ જેને શ્રીમંત કહી શકાય એવા કુટુંબની આ વાત છે. વૃદ્ધ વિધવા, બે દીકરા અને દીકરાઓની પત્નીપુત્રોનું બનેલું કુટુંબ. બાજુ બાજુનાં બે દીવાનખાનાં અને તે દીવાનખાનાંઓને લગતી ઓરડીઓમાં રહે છે. પૌત્રો મહિનામાં એકાદ-બે વાર મહાબળેશ્વર-માથેરાનની સહેલગાહે પણ જાય છે. બન્ને પુત્રોનાં રસોડાં જુદાં છે.

માને અકસ્માત થયો. ઘૂંટણનું હાડકું ભાંગ્યું. હૉસ્પિટલમાં ત્રણ મહિના પ્લાસ્ટરમાં રહ્યાં. પછી ઘેર આવ્યાં ત્યારે ડૉક્ટરે કહ્યું કે ચાર છ મહિના સુધી માલિશ કરાવજો એટલે સોજો ઊતરી જશે અને દુખાવો મટી જશે.

કુટુંબને એક બહુ મોટા વૈદ સાથે સારો ઘરોબો. એટલે વૈદરાજે પોતાના જાણીતા એવા હાડવૈદ અને મસાજિસ્ટને માલિશ માટે મોકલ્યા. મસાજિસ્ટને થોડુંઘણું આયુર્વેદનું અને સાધારણ નાડીનું પણ જ્ઞાન ખરું.

મહિનામાં તો સોજો ઊતરી ગયો અને દુખાવો પણ મટી ગયો. પણ માજી ઊભાં થઈ શકે નહિ. મસાજિસ્ટે કહ્યું કે ગોઠણનું હાડકું બેસાડવામાં જરા ફરક રહ્યો છે, પણ આ જાતના ફ્રૅક્ચરમાં આવી ખોડ તો સામાન્ય રીતે રહે છે જ. માજી ઊભાં નથી થતાં તેનું કારણ વૃદ્ધાવસ્થાની નબળાઈ છે. માટે તેમને શક્તિની દવા આપો તો હાલતાં-ચાલતાં થઈ જશે. અને પોતે દવા લખી પણ આપી. અને કહ્યું કે તમારા વૈદરાજ પાસેથી લઈ આવજો.

પછી તો તેણે માજીને હાથ પકડીને ઘરમાં ફેરવવા પણ માંડયાં. માજી થોડું ચાલે પછી 'થાકી ગઈ' કહીને બેસી જાય.

પેલાએ પૂછ્યું, 'દવા બરોબર લો છો કે નહિ?' ત્યારે જવાબ મળ્યો કે દવા હજી આવી જ નથી. એટલે તેના દીકરાને પૂછ્યું કે દવા કેમ નથી લાવ્યા? આજે દશ દિવસમાં કેટલો ફેર પડી ગયો હોત. તો પુત્ર કહે કે "વૈદરાજે ના પાડી કે એ દવા ન અપાય."

"તો બીજી દવા આપવાનું કહેવું હતું ને? ઠીક ચાલો, હું માલિશ કરી લઉં પછી તમારી હાજરીમાં જ તેમને ટેલિફોન કરીને વિગત સમજાવું છું."

પુત્ર બાજુના પોતાના દીવાનખાનામાં ચાલ્યો ગયો. આટલા દિવસમાં મસાજિસ્ટે એક વસ્તુની નોંધ લીધી હતી કે બે ઘરનો પરોણો ભૂખે મરે તેના જેવી હાલત આ માજીની હતી.

મોટી વહુ એમ માને કે માજી તો નાની વહુના દીવાનખાનામાં છે માટે તેમને જમાડવાની ફરજ તેની છે. નાની વહુ જાણે કે માજી મારા દીવાનખાનામાં છે એટલે મારે તેની સારસંભાળની વેઠ કરવી પડે છે. માટે એને જમાડવાની ફરજ મોટી વહુની છે. એટલે માજી માગે નહિ ત્યાં સુધી એકે વહુ તેને ખાવાનું પૂછે નહિ.

દીકરાના નાના દીકરા રમતા રમતા ત્યાં આવે ત્યારે માજી પૂછે કે તમે જમ્યા? તો બધા હા કહે. ત્યારે માજી કહે, મારા માટે કેમ ના લાવ્યા? તો મોટી વહુના દીકરા કહે કે, બાએ કહ્યું કે એ તો ત્યાં જમાડી

લીધા હશે. નાની વહુના દીકરા કહે કે, બાએ કહ્યું કે બાજુ-વાળા જમાડી જશે. શું ખાધું? બીજો સવાલ માજી કરે તો જવાબ મળે કે આજે તો દાળઢોકળી બનાવી હતી.

માજી પૂછે કે, મને તો દાળઢોકળી બહુ ભાવે છે. મારે માટે કેમ ન લાવ્યા? નાનાં બાળકો શું જવાબ આપે? પણ પેલા મસાજિસ્ટ બધી વાત સમજી ગયા હતા.

આજે તે બાજુના દીવાનખાનામાં વૈદરાજને માજીની દવા માટે ફોન કરવા ગયા ત્યાં મોટા દીકરાએ કહ્યું, 'ભાઈ જુઓ, પ્રથમ મારી વાત સાંભળો.' 'શું?' મસાજિસ્ટે પૂછયું.

દીકરાએ કહ્યું કે વાત એમ છે કે મને થોડા દિવસ પહેલાં એક દિવ્ય સ્વપ્નું આવ્યું. એક અતિશય પવિત્ર સ્થળે હું ઊભો હતો ત્યાં પ્રકાશ થઈ ગયો અને એક અતિશય તેજસ્વી શ્વેત વસ્ત્રધારી મહાત્મા મારી પાસે આવ્યા. હું તેમને પગે લાગ્યો. ત્યારે તેમણે મને આજ્ઞા કરી કે, બેટા! તારી માની દવા નહિ કરતો, દવા નહિ કરે તો તે લાંબું જીવશે. દવા કરીશ તો જલદી મરી જશે. એટલે હું દવા લેવા ગયો જ નથી.

મસાજિસ્ટે ટેલિફોન મૂકી દીધો. માજીને હરતાંફરતાં કરવાની એની ભાવના ઉપર બરફ કરતાં પણ ઠંડું પાણી ફરી વળ્યું હતું.

સમાજદર્શન

[૧૯]

૨૦મી સદીના આરંભમાં અતિ શ્રીમંત ગણાતું કુટુંબ કુદરતની ચડતીપડતીના ખેલનો ભોગ બન્યું. બજારોમાં જેની ૩૦-૩૫ લાખ રૂપિયા ઉઘરાણી રહેતી

અને વરસે કરોડોના વેપારની ઊથલપાથલ થતી તે કુટુંબ લડાઈ પછીના હૂંડિયામણોના કલ્પનાતીત ફેરફારોને અંગે પડ્યું. પેઢી બંધ કરવી પડી. સ્થિતિ એવી આવી કે સગાસંબંધીઓ મહિને ૨૫–૩૦ રૂપિયાની મદદ મોકલે તો ઘરમાં અનાજ આવે. ગામનું લાખો રૂપિયાનું દેવું રહી ગયું.

વરસો વીત્યાં. દીકરા મોટા થયા, કમાવા લાગ્યા. જૂનું દેવું મુદત બહારનું થઈ ગયેલું તે દેવું પણ ચૂકવવા લાગ્યા.

તેમાં શેઠ માંદા પડ્યા. લકવો થયો. શેઠાણી પ્રથમથી જ અવસાન પામ્યાં હતાં. શેઠનો સ્વભાવ અતિશય ઉગ્ર પણ બન્ને દીકરા ત્રેતાયુગના શ્રવણકુમાર જેવા હતા. પિતાની ચાકરીમાં કોઈ જાતની કચાશ રાખે નહિ. તેમને ઊંચકીને નવડાવવા, ધોવડાવવા, ઝાડોપેશાબ સાફ કરવાં, પોતાને હાથે જમાડવા. સમયે સમયે દવા આપવી. આજના જમાનામાં કલ્પના ન આવે એવી સેવા બન્ને ભાઈઓએ કરી અને ઇશ્વરે એમની સેવાનું ફળ આપ્યું. શેઠ ફરીથી સાજાસારા થઈ ગયા અને હરતાફરતા પણ થઈ ગયા. લકવાની કોઈ અસર પાછળ રહી નહિ.

બન્ને પુત્રોની પણ ધંધામાં ધીમે ધીમે ચડતી થતી હતી. પણ તે માટે તેમને અભિમાન ન હતું. તેઓ તો કહેતા કે અમારા વડીલોએ ખૂબ પુણ્ય કર્યું છે અને કદી કોઈનું બૂરું ઇચ્છયું પણ નથી. એટલે તેમના પુણ્ય-પ્રતાપથી અને અમારા પિતાના આશીર્વાદથી અમે ધીમે ધીમે પાછા ચડતી દશામાં આવી રહ્યા છીએ.

એક દિવસ શેઠ માલિશ કરાવતા હતા. ત્યાં એમનો નાનો દીકરો અંદર આવ્યો. "કેમ ? શું છે ?" શેઠે પૂછ્યું.

"પિતાજી, એક કોયડો ઊભો થયો છે, એટલે તમને પૂછવા આવ્યો છું." દીકરાએ કહ્યું.

"શું છે ? શેઠે પૂછ્યું."

"એક બ્રાહ્મણ આવ્યો છે." દીકરાએ કહ્યું, "તે કહે છે કે તમારી પેઢી ચાલતી ત્યારે મેં બે હજાર રૂપિયા તમારે ત્યાં મૂકયા હતા. પછી તમારી પેઢીનું કામકાજ બંધ થયું. ત્યારે મેં પણ હરિ-ઇચ્છા જાણીને એ બાબતમાંથી મન વાળી લીધું અને વરસો જતાં રૂપિયાની પહોંચની ચોપડી પણ મેં તો ખોઈ નાખી છે. હવે અત્યારે મારી દીકરીનાં લગ્ન છે. હું ગરીબ માણસ છું. અને મેં સાંભળ્યું કે તમારાં જૂનાં દેવાં તમે આપો છો, એટલે આવ્યો છું. જો રૂપિયા આપી શકો તો મારી દીકરીના લગ્નમાં કામ આવે. હવે હું એને ઓળખતો નથી. અને ખાતરી માટે તેની પાસે ચોપડી નથી તો શું કરવું? જો ના પાડું છું તો એ તો બિચારો કંઈ તંત નથી કરતો, પાછો ચાલ્યો જશે. પણ ખરેખર એના લેણા હશે તો આપણે માથે બ્રાહ્મણના ઘરનું દેવું રહી જશે. અને જો આપી દઉં અને તે ન માગતો હોય અને ખોટું બોલતો હોય તો આપણા રૂપિયા જાય."

શેઠ કહે, "બેટા! આપી દે, નહિ તો બ્રાહ્મણના ઘરનું દેવું રહી જશે અને ખોટી રીતે લઈ જશે તો પણ બ્રાહ્મણના ઘરમાં જશે ને આપણો તો ધરમ જ છે — ગાય, બ્રાહ્મણને પાળવાનો." —

"ભલે" કહીને દીકરો પાછો વળ્યો ત્યાં શેઠે ફરીથી કહ્યું, "જો, આમ જો. એને અંદર લઈ આવ. કદાચ હું એને ઓળખી લઉં પણ ખરો."

દીકરાએ બ્રાહ્મણને અંદર બોલાવ્યો. તેને જોતાં જ શેઠ બોલી ઊઠયા: "હા હા બરોબર છે. આ ભાઈ આપણે ત્યાં પૈસા મૂકી જતા. તેમને બીજી ચોપડી કરી દે અને વ્યાજ ગણીને વ્યાજ સહિત પૈસા આપી દે."

બ્રાહ્મણ તો સ્તબ્ધ જ થઈ ગયો. જે પૈસા ડૂબી ગયા હતા તે આજે ૨૫ વરસે વ્યાજ સહિત શેઠ પાછા આપતા હતા!

દીકરાએ તરત કહ્યું, "મહારાજ! જુઓ. બે હજાર રૂપિયા હમણાં આપું છું. વ્યાજની ગણતરી કરીને આ મહિનાની આખરે પૂરા પૈસા આપી દઈશ." બ્રાહ્મણને તો તેમાં કાંઈ વાંધો ન હતો.

શેઠ બોલ્યા, "મહારાજ! દીકરીનાં લગ્ન કયારે છે?"

"આવતા મહિનાની સુદ પાંચમે, હજી ૨૮ દિવસની વાર છે."

શેઠ પોતાના પુત્ર તરફ વળ્યા અને કહ્યું કે "વ્યાજના રૂપિયા પણ અઠવાડિયામાં આપી દે. મહિના પછી આપીએ તો લગ્ન વખતે એને ખેંચાઈ રહેવું પડે ને?"

દીકરાએ કહ્યું, "હા, એ વાત સાચી, મહારાજ! આજે સોમવાર છે. આવતે સોમવારે વ્યાજના રૂપિયા લઈ જજો."

ત્યાં તેમનો મોટો પુત્ર બહારથી આવ્યો. તેણે બધી વાત સાંભળી. એ પણ આ દેવું ચૂકવવાની વાતથી રાજી

થયો, અને પછી પોતાના પિતા તરફ ફરીને કહે કે, "મારી એક વાત સાંભળશો ?"

"શું ?" શેઠે પૂછ્યું.

"આ માણસે આટલાં વરસમાં કદી પણ પોતાના પૈસાની ઉઘરાણી કરીને ન તો આપણને તંગ કર્યા છે કે ન તો આપણી પાસે કાકલૂદી કરીને આપણને શરમાવ્યા છે. એ એની ખાનદાની સૂચવે છે. તો આજે એની દીકરી પરણે છે. બ્રાહ્મણની દીકરી તે આપણી પણ દીકરી કહેવાય. માટે મારી તો એવી સૂચના છે કે આપણે એ દીકરીને લગ્નની એક રેશમી સાડી અને સોનાની બંગડી આપીએ."

શેઠ કહે કે, "બરોબર છે, એમ જ કરો."

બંને દીકરાના મુખ ઉપર ઋણ ચૂકવ્યાનો આનંદ હતો. ૨૫–૨૫ વરસ જૂનું લાખો રૂપિયાનું દેવું આ બંને ભાઈઓ ધીમે ધીમે ચૂકવી રહ્યા હતા. ત્યારે આજુબાજુના સમાજની દૃષ્ટિએ એ બંને મૂરખના સરદાર લાગતા હતા. મુદત બહારનું દેવું તે કદી અપાતું હશે? કાયદો પણ ના પાડે છે. પણ આ બંને ભાઈઓ કહેતા કે ના પાડનારો કાયદો તો અંગ્રેજોએ ઘડેલો છે. ઈશ્વરનો કાયદો જુદો જ છે. અને આપણે ઇશ્વરના કાયદાને માન આપવું જોઈએ.

સમાજદર્શન

[૨૦]

સાધારણ કુટુંબમાં જન્મેલા બબલાનું ભાગ્ય ફરી ગયું. ઘેરે અનેક વહાણોનો કાફલો. ૨૦–૨૫ મહેતાજીઓ

અને ધમધોકાર વેપાર જામી ગયો. હવે બબલો—બબલા શેઠ બની ગયો.

એક દિવસ એક મહેતાજી સાથે જરા ઝઘડો થઈ ગયો. મહેતાજી કહે, તમે અમારા પસીનાનો રોટલો ખાઓ છો. શેઠ કહે, હું મારા ભાગ્યનું ખાઉં છું. તમે તમારા ભાગ્યનું ખાઓ છો.

શેઠ આ વાત ભૂલી ગયા. પણ મહેતાજીના મનમાં ડંખ રહી ગયો. તે સમયે લાખો રૂપિયાનો માલ વહાણોમાં હેરફેર થતો. ખારવાઓની પ્રમાણિકતા માટે કોઈને શંકા નહિ. લાખોનો માલ તેમના ભરોસે વહાણોમાં ભરાતો. પણ કોઈ વાર પરદેશના વેપારી સાથે લેવડદેવડના હિસાબમાં જરૂર પડે તો મહેતાજી કે માલધણીના કુટુંબનો કોઈ સભ્ય વહાણમાં સાથે જાય.

એક દિવસ બબલા શેઠને જરૂર પડી અને પેલા મહેતાજીને જ વહાણમાં સાથે મોકલ્યો. વહાણ મલબાર પહોંચ્યું. માલની અને હિસાબની લેવડદેવડ કરી. અને માલની કિંમત પેટે સોનાની લગડીઓ અને ઇમારતી લાકડું લઈને વહાણ પાછું ફર્યું. પેલા મહેતાજીના મનમાંથી હજી ડંખ ગયો નથી. તેણે વહાણમાં એક લાકડામાં પોલાણ કર્યું અને તેમાં સોનાની એક લગડી નાખી. પાછું લાકડાનું પોલાણ બંધ કરી તેના ઉપર લખ્યું કે "જાય બબલા શેઠના નસીબ ઉપર" એને એ લાકડું સુરતના તોફાની દરિયામાં ફેંકી દીધું.

વહાણ પોરબંદર પહોંચ્યું. માલ વખારોમાં ગોઠવાઈ ગયો. વિશાળ વેપાર અને કંઈક વહાણો એટલે હિસાબ

કાંઈ તાત્કાલિક તો થાય નહિ. બે ત્રણ દિવસ નીકળી ગયા તો બંદર ઉપરથી ખારવા આવ્યા. આવીને કહે કે "શેઠ! તમારા નામનું એક લાકડું દરિયામાં તણાઈ આવ્યું છે." શેઠે પાસે બેઠેલા એક મુનીમને કહ્યું કે "જાઓ, તે લાકડું આપણી લાકડાની વખારમાં મૂકી આવો." લાકડું વખારમાં મુકાઈ ગયું.

થોડા દિવસ પછી પેલા મહેતાજીને લઈ શેઠ લાકડાની વખારે માલ જોવા અને હિસાબ તપાસવા ગયા. દરવાજો ખૂલતાં જ 'જાય બબલા શેઠના નસીબ ઉપર'ની છાપવાળું પેલું લાકડું મહેતાજીની નજરે પડ્યું. અને તે શેઠના પગમાં પડી ગયો. બધી હકીકતથી વાકેફ કર્યા અને કહ્યું, "શેઠ, મારી ભૂલ હતી. આપ ભાગ્યબળે જ કમાઓ છો. જુઓ, આ લાકડું છેક સુરતથી અહીં તમારી વખારમાં આવી ગયું."

આ મહેતાજી કુંવારા હતા. એટલે શેઠે તેને પોતાને ખરચે જૂનાગઢ જાન લઈ જઈને પરણાવ્યા હતા.

હવે બબલા શેઠે ગામને પાદર કેટલાય એકર ખુલ્લી જમીન લીધી. અને તેના ઉપર વિશાળ આરસની ફરસબંધીવાળું મકાન બાંધ્યું. વાસ્તુ કર્યું અને પોતે વૈષ્ણવ હોવાથી પુષ્ટિમાર્ગીય મહારાજને પગલાં કરવા આમંત્ર્યા.

મહારાજશ્રી પધાર્યા. આખું મકાન જોયું અને તેમનાથી બોલાઈ ગયું. "બબલા શેઠ! યહ તો આપને હવેલી જૈસા બનાયા!" (વલ્લભી સંપ્રદાયનાં મંદિરોને હવેલી કહે છે)

તરત ક્ષણનો વિચાર કર્યા વિના બબલા શેઠ બોલ્યા, "મહારાજશ્રી ! હુઈ હવેલી."

મહારાજશ્રી કહે, "નહિ, બબલા શેઠ, મેં હવેલી બનાવવાનું નથી કહ્યું, પણ આ તો મકાનનાં વખાણ કર્યાં."

બબલા શેઠ કહે, "નહિ મહારાજશ્રી, આપના શ્રીમુખેથી જે નીકળ્યું તે જ થશે. ભગવાનની અહીં આવીને વસવાની ઇચ્છા હશે, એટલે જ આપશ્રીથી બોલી જવાયું. માટે આજથી એ શ્રી ભગવાનને અર્પણ કરું છું અને આપ એમાં હવેલી બનાવો."

એ હવેલી આજે પણ પોરબંદરમાં શ્રીગોપીનાથજીની હવેલી તરીકે પ્રખ્યાત છે.

બબલા શેઠ ત્યાર પછી પોતાના પૂર્વજોના ચાર-પાંચ ખંડવાળા મકાનમાં જ રહ્યા. એ મકાન પણ હજી મોજૂદ છે.

કયાં આજના જરા પૈસો મળતાં જ ફાઇવ સ્ટાર હોટલો અને અમેરિકાના પ્રવાસમાં દોડયા જતા શ્રીમંતો અને કયાં પોતાની મિલકત પ્રભુચરણે ધરી દેનારા અને નોકરોની કાળજી કરનારા શ્રીમંતો ?

બે વિચારસરણીઓ વચ્ચેનો આ જ માત્ર ફરક છે.

સમાજદર્શન

[૨૧]

૧૯૫૧ની સાલના ડિસેમ્બર માસની એક સવારે બોરીવલીના બંગલાના ચોગાનમાં લોકોનું ટોળું ભેગું થયું છે. આજનું બોરીવલી તો માનવ મહેરામણથી ઊભરાય છે.

તે સમયે તો આજની સરખામણીમાં ઉજજડ લાગે તેવું હતું. ત્રણે દિશાઓ ઝાડીઓથી ઘેરાયેલી હતી.

બંગલાના ચોગાનમાં ગાય તરફડે છે. તેને આડું આવ્યું છે. હજી ૧૫–૨૦ દિવસ પહેલાં જ શેઠે આ ગાય ૧૫૦૦ રૂપિયા આપીને ખરીદી છે. સૌરાષ્ટ્ર પંથકની આ સુંદર જાતવાન વોડકીએ ૧૫ દિવસમાં તો આખા કુટુંબનો પ્રેમ સંપાદન કરી લીધો છે. આખું કુટુંબ ઉદાસ થઈને ઊભું છે.

પશુઓનું દવાખાનું ૨૦ માઈલ દૂર છે. ત્યાં લઈ જવાની સગવડ નથી. હાલત પણ નથી. એટલે ડૉક્ટરને ટેલિફોન કરી બોલાવ્યો છે. લોકોનું ટોળું ધીમે ધીમે મોટું થતું જાય છે. ત્યાં તો ડૉક્ટરની મોટર આવી. લોકોએ માર્ગ આપ્યો. ડૉક્ટરે ગાયને તપાસી માથું ધુણાવ્યું. બધાના મનમાં ધ્રાસકો પડ્યો. ડૉક્ટરે કહ્યું: "શેઠ, ગાય બચે એમ નથી. આ હાલતમાં કાંઈ થઈ શકે નહિ." અને ફીના બસો રૂપિયા લઈને ચાલતી પકડી.

શેઠાણીની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે. ત્યાં તો ટોળું સળવળ્યું અને વચ્ચેથી જગા કરતો પૂરા છ ફૂટની ઊંચાઈનો ઢાલ જેવી પહોળી છાતીવાળો, ચમકતી આંખો અને મૂછોના થોભિયાવાળો મહેસાણા પંથકનો રબારી મશરૂ હાથમાં કડિયાળી ડાંગ લઈને શું છે તે જોવા આગળ આવ્યો.

શું જોવા બધા ભેગા થયા છો, એવા એના બુલંદ સૂરથી અને આગળ આવતાં જ તરફડતી ગાયને જોઈ તેના

મોઢામાંથી અરેરાટી નીકળી ગઈ. તેના અવાજથી સહુનું ધ્યાન તેના તરફ ખેંચાયું. ટોળામાંથી કેટલાક તેને ઓળખતા હતા. કોઈએ અવાજ કર્યો, આ તો ભગવાને ધા સાંભળી લાગે છે. આ મશરૂ આવી પહોંચ્યો. જરૂર ગાયની આવરદા લાંબી છે.

કોઈએ શેઠને સલાહ આપી: "શેઠ, આ મશરૂને કહો, કદાચ એ કાંઈ ઉપાય બતાવશે. જબરો જાણકાર છે." શેઠ ખિન્ન હતા. આવા ડૉકટર કાંઈ ન કરી શકે ત્યાં આ રબારી શું કરશે? પણ ડૂબતો માણસ તણખલાને પકડે તેમ તેણે મશરૂને કાંઈ ઉપાય બતાવવા આજીજી કરી. મશરૂ આગળ આવ્યો. બારીકાઈથી ગાયને તપાસી અને કહ્યું: "શેઠ કાં ગાય બચે, કાં વાછરડી બચે. બેઉ બચે એમ નથી. તમે કહો તેને બચાવું."

શેઠ કહે: "ભાઈ ગાયને બચાવો. ગાય હશે તો વાછડી તો બીજી પણ આવશે."

મશરૂએ ગરમ પાણી અને સાબુથી ઘસી ઘસીને બંને હાથ કોણી સુધી ધોયા. પછી બંને હાથે કોણી સુધી દિવેલ ચોપડયું. લોકો બધા આતુરતાથી જોઈ રહ્યા હતા. મશરૂએ આકાશ સામે હાથ જોડી કહ્યું: "હે ભગવાન, લાજ રાખજે અને આ ગાયને બચાવજે." અને અંદર હાથ નાખીને મરેલ વાછડાને બહાર ખેંચી લીધું. લોકો એની ઝડપ અને સાવધાની મંત્રમુગ્ધ બનીને જોઈ રહ્યા. ગાયને વેદના ઓછી થઈ. મશરૂએ દવા મંગાવી ઉકાળીને ગાયને પિવડાવી.

પછી શેઠને કહ્યું : "શેઠ! જરાય ચિંતા નહિ કરતા. ચાર દિવસમાં ગાય સારી થઈ જશે. દૂધ પણ આપશે. લ્યો જય શ્રીકૃષ્ણ, હું જાઉં છું. કાલે અહીંથી નીકળીશ ત્યારે ગાયને ફરીથી તપાસી લઈશ."

"અરે! મશરૂભાઈ," શેઠ બોલ્યા. "જરા થોભો" અને ખીસામાંથી નોટોનો થોકડો બહાર કાઢ્યો.

મશરૂ બોલ્યો, "શેઠ! રે'વા દ્યો. એ પૈસા મારાથી ન લેવાય." "પણ પેલો ડૉક્ટર કાંઈ કર્યા વિના બસો રૂપિયા લઈ ગયો. અને તમે...." શેઠને બોલતા અટકાવી મશરૂ બોલ્યો : "શેઠ, ગાયને બચાવવી એ સહુથી મોટો ધરમ છે. હું પૈસાના બદલામાં મારો ધરમ ન વેચું. અમારામાં અને ડૉક્ટરમાં ફરક જ એટલો. તેઓ પૈસાના પૂજારી, અમે ઢોરોના પૂજારી."

મશરૂ ગામમાં જાણીતો તો હતો. હવે ખૂબ જ જાણીતો થયો. પણ પશ્ચિમચક્ષુઓને એની કદર ન હોય. થોડા સમય પછી બીજા એક શેઠની ગાયને વાછડાએ ધાવતી વખતે માથું માર્યું હશે તેથી આઉ સૂજી ગયું. સખત દુખાવો ઊપડ્યો. વાછડાને ધાવવા દે નહિ. આંચળને હાથ પણ લગાડવા ન દે. મશરૂ તો બોરીવલીમાં જ રહેતો હતો. છતાં શેઠે ટેલિફોન કરી પશુના ડૉક્ટરને બોલાવ્યો.

ડૉક્ટર આવ્યો, સોજો જોયો અને કહે કે એને ઇન્જેક્શન આપવાં પડશે. છતાં સોજો નહિ ઊતરે તો ફોટા પાડીને ઑપરેશન કરવું પડશે. માટે ગાયને લોરીમાં

બેસાડીને હૉસ્પિટલમાં લઈ આવો. તે માટે ચિઠ્ઠી લખી આપી અને ફીના ૨૦૦ રૂપિયા લઈ રવાના થયા.

શેઠ પોતાના પુત્રને કહે કે "આ તો હજાર બારસોનો ખરચ થશે, તેના કરતાં સો રૂપિયા પાંજરાપોળને આપીએ તો તેઓ લઈ જશે, માટે ત્યાં ટેલિફોન કર."

નસીબજોગે તે જ વખતે ત્યાંથી મશરૂ રબારી નીકળ્યો. તરત શેઠે તેને બૂમ મારી બોલાવ્યો અને ગાય તથા ડૉક્ટરની સલાહની હકીકત કહી અને કાંઈ ઉપાય હોય તો બતાવવા કહ્યું. મશરૂએ ગાયને તપાસી તરત સામે ઝાડીમાં ઊગેલી અમરવેલ લઈ આવ્યો. તેને ઉકાળીને તેની વરાળનો શેક આપ્યો. ગાયના રખવાળને સૂચના આપી કે બપોરે અને સાંજે આ પ્રમાણે શેક કરજે. હું સવારે આવીને જોઈ જઈશ.

બીજે દિવસે સવારે મશરૂ આવ્યો ત્યારે ગાય સાવ સારી થઈ ગઈ હતી. દૂધ દોહી લઈને રખવાળ વાછડાને ધવડાવતો હતો.

મશરૂને જોઈ શેઠ ખુશખુશાલ થઈ ગયા. રૂપિયા ત્રણસોની નોટો તેમણે મશરૂ સામે ધરી.

મશરૂ કહે, "શેઠ ! એ મારાથી ન લેવાય. પશુઓ તો અમારી જીવાદોરી કહેવાય. અમારી આખી કોમ પશુઓના આધારે જીવે છે. પછી તે ગાય હોય કે ભેંસ, અથવા ઘેટાં બકરાં હોય. એટલે કોઈ પણ પશુ માંદું પડે તો તેની સારવાર કરવાનો અમારો ધરમ. માટે એ રૂપિયા મને ન ખપે.

"આ પશુઓ છે તો અમે છીએ. અને પશુઓ છે તો અમારો અને તમારો સંબંધ છે. હવે તમારા ભણેલા, ઢોરો કાપવા લાગ્યા છે, તેમાં અમારી કોમ બેકાર બનતી જાય છે. પણ જ્યારે ઢોરો રહેશે જ નહિ ત્યારે અમારી જીવાદોરી કપાઈ જશે. અને ત્યારે આજે અમારી ડાંગો અમારે ખભે શોભાની પડી છે તે સમાજની સલામતી જોખમાવી દેશે. કારણ કે અમારી પાસે જીવવાનો બીજો કોઈ કસબ નથી.

"ઠીક ત્યારે, શેઠ રામરામ." કહીને મશરૂ ચાલતો થયો.

---

## પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવરનાં પુસ્તકોનો

## આખો સેટ ઘર ઘરમાં આજે જ વસાવી લો

**બાળકો, કિશોરો, બહેનો, મોટેરાંઓ સહુને**
**પ્રિય સાહિત્ય**

[redacted] આ પુસ્તકોએ સેંકડો યુવાનોનાં અને બહેનોનાં જીવનપરિવર્તન કર્યાં છે. આપના ઘરમાં આ સેટ પડયો હશે તો ક્યારેક કોઈકનું પણ જીવન પ્રકાશ.... પ્રકાશ....ની બૂમો પાડતું અંધકારમાંથી સદા માટે છુટકારો પામી જશે.

o નાનકડું મૂલ્ય અને જીવનપરિવર્તનનો અમૂલ્ય લાભ

---

આર્યાવર્તની મોક્ષપ્રધાન સંસ્કૃતિની જ્યોત
ઘર ઘરમાં પ્રગટાવવા મથતું માસિક....

# મુક્તિદૂત

નકલ : ૧૦,૦૦૦

ચિન્તક :

**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર**

સંપાદક :
ગુણવંત શાહ

સહ સંપાદક :
ભદ્રેશ શાહ

## આજે જ ગ્રાહક બનો

ત્રિવાર્ષિક લવાજમ રૂ. ૩૦-૦૦
આજીવન સભ્ય રૂ. ૧૫૦/-

[અનુસંધાન ટાઈટલ પેજ ૨નું ચાલુ]

આ પુસ્તકો હાલ પ્રાપ્ય છે.

| નંબર | નામ | પ્રત્યેકનું મૂલ્ય |
| --- | --- | --- |
| ૨૫. | ઈસાઈ ધર્મ પ્રચારની કુટનીતિઓ | ૩-૦૦ |
| ૨૬. | માંસાહાર મીમાંસા | ૩-૦૦ |
| ૨૭. | શું આજે પણ પરદેશી ગુલામી ! | ૩-૦૦ |
| ૨૮. | દાનનો પ્રવાહ બદલો | ૩-૦૦ |
| ૨૯. | લૂંટણવાદ વિરુદ્ધ ત્યાગવાદ | ૩-૦૦ |
| ૩૦. | સમાજ દર્શન | ૩-૦૦ |
| ૩૧. | ખાદી | ૩-૦૦ |
| ૩૨. | હવે શું કરવું ! | ૩-૦૦ |
| | હૂંડિયામણનો હડકવા : (સ્વતંત્ર બુક) (અપ્રાપ્ય) | ૧-૫૦ |

* * *

નોંધ :- આજ લેખકનાં ઉપર જણાવેલ ૩૨ પુસ્તકોનો સેટ હીંદીમાં પણ બહાર પડેલ છે.
બત્રીસ પુસ્તકોના સેટનું મૂલ્ય રૂા. ૬૪/-

*

## ટચુકડી કથાઓ ભાગ-૧-૨-૩-૪

ચારે ભાગના સેટનું મૂલ્ય રૂા. ૩૨/-
૫૩૩ કથાઓનો સંગ્રહ
લેખક : પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર

* * * *

## જૈન ઈતિહાસની ઝલકો મૂલ્ય રૂા. ૧૨/-

૩૦૦ ઐતિહાસિક કથાઓનો સંગ્રહ

❀ પ્રાપ્તિ સ્થાન ❀

કમલ પ્રકાશન ટ્રસ્ટ,

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ.

ફોન : ૩૩૫૭૨૩/૩૮૦૧૪૩

## જૂના માલિકના કહ્યા મુજબ ઘર ચલાવવાનું ? હટ !!

ધારો કે તમે એક મકાન ખરીદી લીધું, પણ તેમાં એક શરત થઈ કે જૂનો માલિક જે રીતે આ મકાનમાં તમને રહેવાનું કહે તે રીતે જ તમારે આ ઘરમાં રહેવાનું.

જો આ શરતપૂર્વક જ તમે મકાન માલિક બન્યા હો તો શું તમે તમારા જ કહેવાતા ઘરમાં રહીને માલિકીનો આનંદ અનુભવશો કે ગુલામીનો ત્રાસ ?

અંગ્રેજોએ ભારતીય પ્રજાની આવી જ બૂરી વલે કરી છે. ભારત સોંપીને તે ગયા; પણ આજે ય ભારતનો વહીવટ, રે ! ભારતની પ્રજાનું તન, મન અને જીવન પણ તે લોકોની ઇચ્છા મુજબ જ ચાલે છે.

સ્વતંત્રતા તો તેનું નામ; જેમાં આપણે આપણી મોક્ષલક્ષી પ્રાચીન સંસ્કૃતિગત પરંપરાઓ પ્રમાણે જીવવાની સ્વતન્ત્ર હવા માણી શકતા હોઈએ.

જો બીજાના આદેશ, ધમકી, લાંચ વગેરેના ઓથાર નીચે જ આપણે જીવવાનું હોય; આપણી ગૌરવવંતી પ્રાચીન પરંપરાઓને છોડી દેવાની હોય; તો તેમાં સ્વતંત્રતા શું ? આ તો ભયાનક અને ભેદી ગુલામી જ કહેવાયને ?

હાય ! પણ આપણે તો સ્વતન્ત્ર જાહેર થઈ ગયા છીએ ! હવે આપણને ગુલામીમાંથી છોડાવશે ય કોણ ? હવે આંદોલન કરશે ય કોણ ?

ની હોય; તો તેમાં સ્વતંત્રત
ભેદી ગુલામી જ કહેવાયને ?
! પણ આપણે તો સ્વતન્ત્ર

જયજી ગણિવર

ને ગુલામીમાંથી

મૂલ્ય : રૂ. ૩-૦૦ આવરણ : પપુ પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન ૧૩૦૧૧